

# ન્યુઝ4કચ્છ

'વાત કચ્છીયતની'

સુવિચાર
લોકોની ટીકાથી તમારો માર્ગ ન બદલતા કારણ કે, સફળતા શરમ થી નહીં સાહસથી જ મળશે!

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઇ દવે | News4Kutch Daily

News Help Line : 78 74 88 99 33

વર્ષઃ ૦૨ અંક : ૬ તા.૧૯.૦૭.૨૦૨૪, શુક્રવાર પાનાઃ ૬ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 6 Dt. 19-07-2024, Friday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


# આતંક-નક્સલ સામે કાર્યવાહી ! છત્તીસગઢમાં ૨ જવાન શહીદ, જમ્મુમાં બે આતંકી ઠાર

**જમ્મુ કાશ્મીરમાં આંતકી હુમલા વધ્યા બાદ સૈનાએ અત્યાર સુધીનુ સૌથી મોટુ ઓપરેશન શરૂ કર્યુ છે. જેમાં બે આંતકીઓ ઠાર મરાયા છે. બીજી તરફ ૧૨ નક્સલીના મોત બાદ છત્તીસગઢમાં નકસલી હુમલામાં બે જવાનો શહીદ થયા છે. આંતકવાદ-નક્સલવાદે માથુ ઉંચકતા સરકાર એક્શનમાં ડોડા-કઠુઆમાં અનેક આંતકીઓ છુપાયા હોવાના ઈનપુટ બાદ એલર્ટ**

નવી દિલ્હી, તા.૧૩

છેલ્લા થોડા મહિનાઓથી જમ્મુ કાશ્મીરમાં ફરી આંતકી ઘટનાઓ વધી છે. માત્ર છેલ્લા એક મહિનામાં ૭ મોટા આંતકી હુમલાને અંજામ અપાયો છે ત્યારે હવે સૈનાએ તેની સામે મોટુ ઓપરેશન લોન્ચ કર્યુ છે. જમ્મુ-કાશ્મીરના કુપવાડાના કેરન વિસ્તારમાં સેનાએ એક્રાઉન્ટરમાં ૨ આતંકીઓને ઠાર કર્યા છે. સેનાને અહીં કેટલાક આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી, ત્યારબાદ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન આતંકીઓ અને સેના વચ્ચે અથડામણ શરૂ થઈ હતી, જે હજુ પણ ચાલુ છે.ડોડામાં પણ બે જગ્યાએ એક્રાઉન્ટર ચાલી રહ્યું છે. બુધવારે મોડી રાત્રે શાળામાં સ્થાપિત અસ્થાયી સુરક્ષા કેમ્પ પર આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો. જેમાં બે જવાન ઘાયલ થયા હતા.જે બાદ સમગ્ર જંગલ વિસ્તારમાં સૈનાએ ઘેર્યુ હતુ અને જેમાં અત્યાર સુધી બે આંતકી ઢેર કરી દેવામાં આવ્યા છે. જમ્મુ ક્ષેત્રમાં છેલ્લા ૮૪ દિવસમાં ૧૦ આતંકવાદી હુમલામાં ૧૨ જવાનોના શહીદ થયા બાદ સેનાએ હવે સૌથી મોટું સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે.આ ઓપરેશનમાં સેના અને જમ્મુ-કાશ્મીર પોલીસના ૭૦૦૦ જવાનો, ૮ ડ્રોન, હેલિકોપ્ટર અને લગભગ ૪૦ સ્નિફર ડોગ્સ તૈનાત કરવામાં આવ્યા છે.છત્તીસગઢ-મહારાષ્ટ્ર બોર્ડર પર બુધવારે એક એક્રાઉન્ટરમાં સુરક્ષા દળોએ ૧૨ નક્સલવાદીઓને ઠાર કર્યા છે. માર્યા ગયેલા નક્સલીઓના મૃતદેહ મળી આવ્યા છે. ઘટનાસ્થળેથી હથિયાર અને



File Pic

અન્ય વસ્તુઓ પણ મળી આવી છે. જણાવવામાં આવી રહ્યું છે કે લગભગ ૬ કલાક સુધી એક્રાઉન્ટર ચાલ્યું હતું. છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં નક્સલવાદીઓ દ્વારા લગાવવામાં આવેલ આઈડીથી અથડાતા બે એસટીએફ જવાનો શહીદ થયા છે. ૪ જવાનો ઘાયલ થયા છે. કહેવામાં આવી રહ્યું છે કે જવાનો નક્સલ વિરોધી ઓપરેશન પર ગયા હતા. ત્યારે પરત ફરતી વખતે આ બલાસ્ટ થયો હતો. ઘાયલ જવાનોમાં પુરષોત્તમ નાગ, કોમલ યાદવ, સિયારામ સોરી અને સંજય કુમાર છે. સીઆરપીએફ, કોબ્રા, સીએએફ, ડીઆરજી અને એસટીએફના જવાનો નક્સલ વિરોધી ઓપરેશનમાં હતા, તે દરમિયાન વિસ્ફોટ થયો હતો. છત્તીસગઢના બીજાપુરમાં ગઈકાલે રાત્રે નક્સલવાદીઓએ તારેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મંડીમર્કાના જંગલોમાં આઈઈડી બ્લાસ્ટ કર્યો હતો. તેની અસરને કારણે ૨ જવાન શહીદ થયા છે, આ સાથે ૪ જવાનો પણ ઘાયલ થયા છે. ઘાયલ જવાનોની જિલ્લા હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. સારી સારવાર માટે હેલિકોપ્ટર મારફતે રાયપુર રિફર કરવાની તૈયારી ચાલી રહી છે. મળતી માહિતી મુજબ ઓપરેશનમાંથી પરત ફરતી વખતે પાઇપ બોમ્બ બ્લાસ્ટ થયો હતો. આ વિસ્ફોટમાં STFના હેડ કોન્સ્ટેબલ ભરત લાલ સાહુ અને કોન્સ્ટેબલ સતેર સિંહ શહીદ થયા હતા. સીઆરપીએફ, કોબ્રા, સીએએફ, ડીઆરજી અને એસટીએફના જવાનો નક્સલ વિરોધી ઓપરેશનમાં હતા, તે દરમિયાન વિસ્ફોટ થયો હતો.૧૬ જુલાઈ, ૨૦૨૪ના રોજ, બીજાપુર, દંતેવાડા અને સુકમા વચ્ચેના સરહદી વિસ્તારમાં દરભા ડિવિઝન, પશ્ચિમ બસ્તર ડિવિઝન અને સૈન્ય કંપની નંબર ૨માંથી માઓવાદીઓની હાજરીની માહિતી મળ્યા બાદ, STF, DRG, CoBRAઅને CRPFની ટીમો નીકળી હતી. સંયુક્ત ઓપરેશન પર.૧૭ જુલાઈ, ૨૦૨૪ ના રોજ, સર્ચ ઓપરેશન પછી સુરક્ષા દળોની પીછેહઠ દરમિયાન, બીજાપુરના તારેમ વિસ્તારમાં માઓવાદીઓ દ્વારા એક IED બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. ઘટના બાદ વધારાના સુરક્ષા દળો મોકલવામાં આવ્યા છે અને ઘાયલ STF જવાનોની સારવાર માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે.

## ગુજરાત ATSએ સુરતમાંથી ૫૧ કરોડનું ડ્રગ્સ ઝડપાયું

ગુજરાત ATS એ સુરતના પલસાણા તાલુકા ના કારેલી ગામ મા આવેલ દર્શન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં એક શેડમાં રેડ કરી હતી. જ્યાંથી એમ.ડી ડ્રગ્સ બનાવતી ફેક્ટરી પકડી છે. જે ફેકટરીમાંથી ૩૧ કિલો લિક્વિડ એમ.ડી ડ્રગ્સ અને ૪ કિલો તૈયાર એમ.ડી કબજે કર્યું છે. જેની કુલ કિંમત ૫૧ કરોડથી વધુ થવા પામી છે. ગુજરાત ATS એ સુનીલ યાદવ અને વિજય ગજેરાની ધરપકડ કરી અન્ય એક આરોપી હરેશ કોરાટની જૂનાગઢથી અટકાયત કરી છે. સાથે જ પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે છેલ્લા દોઢ મહિનાથી આ ફેકટરીમાં ડ્રગ્સ બનાવવામાં આવ્યું હતું. ફેકટરીમાં રેડ સમયે પકડાયેલ સુનીલ યાદવ કેમિકલ નાં ટ્રેડિંગ નું કામ કરે છે.. જેને ડ્રગ્સ બનાવવા માટે નું રો મટીરીયલ પૂરું પાડ્યું હતું.. અન્ય આરોપી વિજય ગજેરા ઈલેક્ટ્રિકલ એન્જિનિયર છે જેણે સોશિયલ મીડિયા પરથી ડ્રગ્સ બનાવવાનું શીખ્યો હતો અને ડ્રગ્સ બનાવવાનું કામ કરતો હતો..ત્યારે અન્ય એક આરોપી હરેશ કોરાટ આ ડ્રગ્સ ની ફેકટરી ન નું છૂટક કામ કાજ કરતો હતો.

એટીએસની તપાસમાં સામે આવ્યું છે કે પકડાયેલ આરોપીએ મુંબઈ નાં ડ્રગ્સ માફિયા સલીમ સૈયદ ને ૨૦ કરોડની કિંમતનું ૪ કિલો ડ્રગ્સ સપ્લાય કરી ચૂક્યા છે. જોકે ફેક્ટરી ની તપાસ દરમિયાન મળી આવેલ સર સામાન ની તપાસ કરતા ૨૫ કિલો થી વધુ નું ડ્રગ્સ સપ્લાય થયું હોવાની આશંકા છે, કારણ કે ફેકટરીમાં ડ્રગ્સ બનાવવા માટે ૫૦ કિલો એમ.ડી ડ્રગ્સ માટેનું મટીરીયલ મંગાવવામાં આવ્યું હતું. ફેક્ટરી અંગે તપાસ કરતા ૨૦હજાર રૂપિયાના ભાડા પર કેમિકલ નું કામકાજ કરવા માટે ભાડે જગ્યા લીધી હતી..જોકે કેમિકલ બનાવવાની આડમાં ડ્રગ્સની ફેકટરી બનાવવાનું કૌભાંડ સામે આવ્યું છે. ગુજરાત ATS એ એક ટીમ મુંબઈ ડ્રગ્સ માફિયા સલીમ સૈયદ ને પકડવા માટે રવાના કરી છે.

## કોંગ્રેસની બજેટ સત્રમાં સરકારને ઘેરવાની તૈયારી

કોંગ્રેસના સાંસદ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીનો એક્શન પ્લાન બજેટ સત્રમાં સરકારને ઘેરવા માટે તૈયાર છે. રાહુલ ગાંધીનું ફોકસ યુવાનો, ખેડૂતો-મજૂરો, સૈનિકોની સાથે સામાન્ય લોકો અને ગરીબો પર રહેશે. ૨૨ જુલાઈથી શરૂ થઈ રહેલા બજેટ સત્ર પહેલા વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સરકારને ઘેરવા માટે ખાસ એક્શન પ્લાન તૈયાર કર્યો છે. આ અંતર્ગત સામાન્ય ગરીબ લોકો, વધતી જતી મોંઘવારી અને ઘટતી કમાણી, યુવા બેરોજગારી અને ટ્રઈઈ પેપર લીક, ખેડૂત-એમએસપી ગેરંટી, ટેકાના ભાવ અને સ્વામિનાથન સમિતિની ભલામણોના આધારે લોન માફી જેવા મુદ્દા ઉઠાવવાની તૈયારી કરવામાં આવી રહી છે. તેમજ વિપક્ષ આ મુદ્દે પ્રાઈવેટ મેમ્બર બિલ લાવીને સરકારને અલગ કરવાનો પ્રયાસ કરશે. કોંગ્રેસ લોકસભામાં સત્ર દરમિયાન કામદારોનું લઘુત્તમ વેતન વધારીને ૪૦૦ રૂપિયા કરવાની માંગ કરશે. સાથે જ કોંગ્રેસ સૈનિકો માટેની અગ્નિવીર યોજના બંધ કરવાની પણ ગૃહમાં માંગ કરશે. કોંગ્રેસ સતત આ મુદ્દો ઉઠાવી રહી છે અને સરકારને ઘેરવાની તૈયારી કરી રહી છે. આ સિવાય કોંગ્રેસ જમ્મુ-કાશ્મીરમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલાઓને ટાંકીને સેનાના જવાનોની શહાદતનો મુદ્દો પણ ઉઠાવશે અને સરકારની નીતિઓને નિષ્ફળ ગણાવશે. આ સાથે જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા અને ચૂંટણી કરાવવાને બદલે એલજીની સત્તા વધારવામાં આવે તો પણ સરકારને ઘેરવાની તૈયારીઓ ચાલી રહી છે. હકીકતમાં સરકારની નીતિઓને નિષ્ફળ ગણાવીને ભારતીય ગઠબંધન સાથે મળીને જમ્મુ-કાશ્મીર પર હુમલો કરવાની તૈયારીઓ ચાલી રહી છે.

## અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન કોરોના પોઝિટિવ

અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેનનો કોવિડ-૧૯ ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. આ માહિતી વ્હાઈટ હાઉસ દ્વારા આપવામાં આવી છે. વ્હાઈટ હાઉસ કહે છે કે તેને હળવા લક્ષણો છે. હવે તે ડેલવેર પરત ફરશે, જ્યાં તે પોતાની જાતને અલગ કરી દેશે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેનનો કોવિડ-૧૯ ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. આ માહિતી વ્હાઈટ હાઉસ દ્વારા આપવામાં આવી છે. વ્હાઈટ હાઉસ કહે છે કે તેને હળવા લક્ષણો છે. હવે તે ડેલવેર પરત ફરશે, જ્યાં તે પોતાની જાતને અલગ કરી દેશે.વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ કેરીન જીન-પિયરે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ બિડેન લાસ વેગાસમાં તેમની પ્રથમ ઈવેન્ટ પછી આજે કોવિડ-૧૯ માટે સકારાત્મક પરીક્ષણ કર્યું છે. તેને રસી આપવામાં આવી છે અને તેને બૂસ્ટર પણ આપવામાં આવ્યું છે. તેને હળવા લક્ષણો છે. તે હવે ડેલવેર પરત ફરશે, જ્યાં તે પોતાની જાતને અલગ રાખશે અને આ સમય દરમિયાન તેની તમામ ફરજો પૂર્ણપણે નિભાવવાનું ચાલુ રાખશે.વ્હાઈટ હાઉસ રાષ્ટ્રપતિની સ્થિતિ અંગે નિયમિત અપડેટ્સ પ્રદાન કરશે કારણ કે તેઓ એકલતામાં હોદ્દાની તમામ ફરજો નિભાવવાનું ચાલુ રાખે છે.

## 'ભાજપે અજિતને ગઠબંધન છોડવા કહ્યું : શરદ જૂથ

નવી દિલ્હી, તા.૧૮

એક તરફ ઈજીજી સાથે સંકળાયેલા મરાઠી સાપ્તાહિકમાં NCP (અજિત જૂથ) પર ઉગ્ર નિશાન સાધવામાં આવ્યું હતું, ત્યારે હવે NCP (શરદચંદ્ર પવાર)એ પણ આ અંગે નિવેદન આપ્યું છે. શરદ જૂથએ દાવો કર્યો છે કે ભારતીય જનતા પાર્ટી અજિત પવાર જૂથને મહાગઠબંધન છોડવા માટે કહી રહી છે. શરદ પવારએ RSSના મરાઠી સાપ્તાહિક માં પ્રકાશિત થયેલા અહેવાલને ટાંકીને કહ્યું, 'ભાજપ ઉપમુખ્યમંત્રી અજિત પવારની આગેવાની હેઠળની NCPને મહારાષ્ટ્રમાં સત્તારૂઢ 'મહાયુતિ' ગઠબંધન છોડવાનો સંદેશ આપી રહી છે.' રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે NCP સાથે બીજેપીના ગઠબંધનના કારણે જ ભગવા પાર્ટીને લોકસભા ચૂંટણીમાં ખરાબ પ્રદર્શનનો સામનો કરવો પડ્યો છે. શરદ જૂથના પ્રવક્તા ક્લાઈડ ક્રેસ્ટોએ કહ્યું કે, 'લોકસભા ચૂંટણીમાં હાર બાદ ભાજપ મહારાષ્ટ્રમાં આગામી વિધાનસભા ચૂંટણી જીતવાનો પ્રયાસ કરી રહી છે. પાર્ટીને સમજાયું છે કે અજિત પવારના નેતૃત્વવાળી પાર્ટી સાથે ગઠબંધન તેની સંભાવનાઓને નુકસાન પહોંચાડશે. વાસ્તવિકતા એ છે કે મહારાષ્ટ્રના લોકોએ શરદ પવારની તરફેણમાં મોટા પાયે મતદાન કર્યું છે. ભાજપ પણ આ સમગ્ર મામલે સાવધાનીથી કામ કરી રહ્યું છે, કારણ કે તે ચૂંટણી જીતવા માંગે છે.શરદ જૂથના પ્રવક્તાએ કહ્યું, 'ભાજપ નાયબ મુખ્યમંત્રી અજિત પવારની આગેવાની હેઠળની એનસીપીથી પોતાને દૂર કરવાનો પ્રયાસ કરી રહી છે. કદાચ એક યા બીજી રીતે તેમને (મહાયુતિ) છોડવાનું કહેવામાં આવી રહ્યું છે. હકીકતમાં, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે સંકળાયેલા એક મરાઠી સાપ્તાહિક મેગેઝિનમાં પ્રકાશિત થયેલા લેખમાં NCP વિશે મોટું નિવેદન આપવામાં આવ્યું છે.

## સેન્સેક્સ ૭૫૦ પોઈન્ટના ઉછાળા સાથે પહેલીવાર ૮૧૦૦૦ને પાર

### નિફ્ટી પણ ૨૪૮૦૦ને પાર





મુંબઈ,તા.૧૮

સ્થાનિક શેરબજારનો મુખ્ય બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ગુરુવારના ટ્રેડિંગ સેશન દરમિયાન પ્રારંભિક નબળાઈમાંથી પાછો ફર્યો હતો અને ૭૫૦ પોઈન્ટ વધીને પ્રથમ વખત ૮૧૦૦૦ની સપાટી વટાવી ગયો હતો. આ સમયગાળા દરમિયાન નિફ્ટી પણ ૨૪૮૦૦ ની ઉપર ટ્રેડ થતો જોવા મળ્યો હતો. ગુરુવારના ટ્રેડિંગ સેશન દરમિયાન સેન્સેક્સ ૮૧૪૮૫.૯ની તેની નવી ઓલ-ટાઈમ હાઈએ પહોંચ્યો હતો. બીજી તરફ, નિફ્ટી ૨૪,૮૨૯.૩૫ની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચ્યો હતો.

આ પહેલા શરૂઆતના સત્રમાં વૈશ્વિક બજારોમાં મંદી બાદ સ્થાનિક શેરબજારોમાં પણ ઘટાડા સાથે કારોબાર થતો જોવા મળ્યો હતો. આ સમયગાળા દરમિયાન બેંકિંગ અને નાણાકીય ક્ષેત્રના શેર્સમાં વેચવાલી જોવા મળી હતી. સવારે ૯.૧૮ વાગ્યે સેન્સેક્સ ૧૭૬ પોઈન્ટ અથવા ૦.૨૨% ઘટીને ૮૦,૫૪૦ પર ટ્રેડ થતો જોવા મળ્યો હતો. બીજી તરફ, નિફ્ટી ૩૭ પોઈન્ટ અથવા ૦.૧૫% ના ઘટાડા સાથે ૨૪,૫૭૬ પર ટ્રેડ કરી રહ્યો હતો.

સેન્સેક્સ શેરોમાં એશિયન પેઈન્ટ્સ, ટાટા સ્ટીલ, એચડીએફસી બેંક, બજાજ ફાઈનાન્સ, અલ્ટ્રાટેક સિમેન્ટ અને આઈસીઆઈસીઆઈ બેંક લાલ નિશાનમાં ટ્રેડ થતા જોવા મળ્યા હતા. જ્યારે એક્સિસ બેંક, ઈન્ફોસિસ ટીસીએસ એચસીએલ ટેક અને ભારતી એરટેલના શેરમાં વૃદ્ધિ સાથે લીલા રંગમાં ટ્રેડિંગ જોવા મળ્યું હતું. એશિયન પેઈન્ટ્સના શેર ૩૦ જૂનના રોજ પૂરા થયેલા ક્વાર્ટરમાં નબળા દેખાવને કારણે ૩% ઘટ્યા હતા. બીજી તરફ, મજબૂત ક્યુ ૧ ડેટા પછી એલટીઆઇ માઇન્ડટ્રીના શેરમાં ૩.૩%નો વધારો થયો છે. ઝી એન્ટરટેઈનમેન્ટ એન્ટરપ્રાઈઝ, હેથવે અને નઝારા ટેક્નોલોજીના શેરમાં નબળાઈને કારણે સેક્ટર મુજબ, નિફ્ટી મીડિયા ૨.૬% ઘટ્યો હતો. નિફ્ટી બેંક, ઓટો, એફએમસીજી, મેટલ, રિયલ્ટી અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સનાં શેરમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો.

## યુપીના ગોંડામાં ૧૨ કોચ પાટા પરથી ઊતરી ગયાઃ ચારના મોત

ગોંડા, તા.૧૮

ઉત્તર પ્રદેશના ગોંડામાં ગુરુવારે એક ટ્રેન પાટા પરથી ખડી પડી છે. ચંદીગઢથી દિબ્રુગઢ જઈ રહેલી દિબ્રુગઢ એક્સપ્રેસના ૧૦થી ૧૨ કોચ પાટા પરથી ઉતરી પડ્યા હતા, જેમાં ચાર લોકોના મોત થયાના અહેવાલ છે. આ ઘટનામાં અનેક લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે. દિબ્રુગઢ એક્સપ્રેસના એસી કોચની હાલત ખરાબ છે. ગોંડા નજીક ઝિલાહી રેલવે સ્ટેશન પાસે દિબ્રુગઢ એક્સપ્રેસ પાટા પરથી ઉતરી ગઈ હતી. ટ્રેન પાટા પરથી ઉતરી જતાં મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો. લોકો ભયથી બૂમો પાડવા લાગ્યા હતાં. ટ્રેન ઉભી રહેતાં જ મુસાફરો બહાર આવી ગયા હતા. રેલવે વિભાગે ઘટનાના કારણની તપાસ શરૂ કરી છે.

એસડીઆરએફની ૩ ટીમ બચાવ કામગીરી માટે ઘટના સ્થળે પહોંચી બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. ચાર લોકો ઘાયલ થવા હોવાના અહેવાલ મળ્યા છે. દિબ્રુગઢ એક્સપ્રેસ ટ્રેન માટે હેલ્પલાઈન નંબર LJN-૮૯૫૭૪૦૯૨૯૨ અને GD-૮૯૫૭૪૦૦૯૬૫ જારી કરવામાં આવ્યો છે. મોટાભાગના મુસાફરો કોચમાંથી બહાર આવી ગયા છે. પરંતુ હજી તમામ કોચમાં તપાસ થઈ રહી છે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ ટ્રેન દુર્ઘટનાની નોંધ લેતાં અધિકારીઓને તુરંત ઘટનાસ્થળે પહોંચી ઝડપથી બચાવ કામગીરી શરૂ કરવા નિર્દેશ કર્યો હતો મુખ્યમંત્રીના નિર્દેશ પર ઘટનાસ્થળના આસપાસના વિસ્તારોમાં સ્થિત હોસ્પિટલો, સીએચસી, પીએચસીને એલર્ટ મોડ પર રાખવામાં આવ્યા છે. ઘટના સ્થળે ૧૫ એમ્બ્યુલન્સ તૈનાત કરવામાં આવી હતી. આ દુર્ઘટનાના કારણે કુલ ૧૩ ટ્રેન ડાયવર્ટ કરવામાં આવી છે. ચાર લોકોના મોત નીપજ્યા હોવાની ખાતરી રેલવે વિભાગ દ્વારા આપવામાં આવી છે. ૨૦ લોકો ઘાયલ થયા હોવાની શક્યતા છે.

ચંદીગઢથી દિબ્રુગઢ સુધી ચાલતી ૧૫૯૦૪- દિબ્રુગઢ એક્સપ્રેસ ગુરુવારે ૧૧:૩૯ કલાકે ચંદીગઢથી નીકળી હતી. ગુરુવાર બપોરે, જ્યારે ટ્રેન ગોંડા અને બસ્તીની વચ્ચે ઝિલાહી સ્ટેશન પર પહોંચી ત્યારે અચાનક જોરદાર ધડાકો સંભળાયો હતો. જેનાથી મુસાફરો ચિંતિત થયા હતા. ત્યાં અચાનક ટ્રેન હાલકડોલક થવા લાગી હતી. બાદમાં ટ્રેન પાટા પરથી ઉતરી જતાં મુસાફરોમાં ભયનો માહોલ ફેલાયો હતો. ઝિલાહી સ્ટેશન પાસે અકસ્માત અંગે રેલવે વિભાગને જાણ કરવામાં આવી હતી. પાટા પરથી ઉતર્યા બાદ ટ્રેન પલટી ખાઈ ગઈ હતી. આ દરમિયાન એસી કોચ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થયો છે. ઘટનાની જાણ તુરંત જ રેલવે પ્રશાસનને કરવામાં આવી હતી. રેલવે વિભાગ દ્વારા રાહત અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ પશ્ચિમ બંગાળના ન્યૂ જલપાઈગુડીમાં એક ટ્રેન અકસ્માતમાં ૧૦થી વધુ લોકોના મોત અને ૫૦થી વધુ ઈજાગ્રસ્ત થયા હતા. ત્યારબાદ ૧૭ જુનના રોજ એક ગુડ્સ ટ્રેને સિયાલદાહ જઈ રહેલી કંચનગંગા એક્સપ્રેસ ટ્રેનને પાછળથી ટક્કર મારી હતી, જેના કારણે ઘણા કોચ પાટા પરથી ઉતરી ગયા હતા.

આ અકસ્માતમાં લોકો પાયલટ અને ગાર્ડનું પણ મોત થયું છે. આ પહેલા જૂન-૨૦૨૩માં ઓડિશાના બાલાસોરમાં ટ્રેન અકસ્માત થયો હતો, જેમાં કોરોમંડલ એક્સપ્રેસ ટ્રેન ટ્રેક પર ઉભી રહેલી ગુડ્સ ટ્રેનને અથડાઈ હતી. આ ઘટનામાં લગભગ ૩૦૦ લોકોના મોત થયા હતા. સરકારે દાવો કર્યો છે કે, ૨૦૦૪થી ૨૦૧૪ વચ્ચે વાર્ષિક સરેરાશ ૧૭૧ ટ્રેન અકસ્માત થતા હતા, જ્યારે ૨૦૧૪થી ૨૦૨૩ વચ્ચે વાર્ષિક સરેરાશ ૭૧ ટ્રેન અકસ્માત થયા છે.

## ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદથી ૧૦ લોકોના મોત

લખનૌ, તા.૧૮

ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદના કારણે છેલ્લાં ૨૪ કલાકમાં ૧૦ લોકોનાં મોત થયા છે તો ૨૦ જિલ્લામાં પૂરના કારણે ૬૦ જેટલાં ગામડાઓ ડૂબી ગયા છે. તેની વચ્ચે હવામાન વિભાગે મધ્ય પ્રદેશ-રાજસ્થાન સહિત ૧૭ રાજ્યમાં ભારે વરસાદનું અલર્ટ આપ્યું છે. ભારતના વિવિધ રાજ્યોમાં આકાશમાંથી એટલું પાણી વરસ્યું કે જનજીવનને ભારે અસર થઈ છે. કેટલાંક રાજ્યના નીચાણવાળા વિસ્તારોમાં તો લોકોને બે ટંક ખાવાના પણ ફાંફા પડી ગયા છે. અસમના મોરેગાંવ ગામમાં હજુ પણ પૂરના પાણી ઓસર્યા નથી. બ્રહ્મપુત્રા નદીમાં જળસ્તરમાં સામાન્ય ઘટાડો નોંધાયો છે. મોરેગાંવના આકાશી દ્રશ્યો સામે આવ્યા છે. જેમાં જોઈ શકાય છે કે જ્યાં સુધી નજર ત્યાં સુધી પાણી જ પાણી છે. પાણી ન ઉતરતાં મોરેગાંવના લોકોની હાલત કફોડી બની ગઈ છે. કારણ કે પૂરના પાણીમાં ઘરવખરી પલળી ગઈ હતી જેના કારણે બે ટંક ખાવાના પણ ફાંફા છે...

ઉત્તર પ્રદેશના સિદ્ધાર્થનગર વિસ્તારમાં નીચાણવાળા વિસ્તારોમાં પૂરના પાણી ફરી વળ્યા છે. જેના કારણે લોકો ઉંચાઈવાળા વિસ્તારમા ટેન્ટ બાંધીને જીવન ગુજારવા મજબૂર બન્યા છે. આ તરફ વારાણસીમાં ગંગા નદી બેકાંઠે વહી રહી છે. જેના કારણે નદીકાંઠે આવેલું રત્નેશ્વર મહાદેવનું મંદિર પાણીમાં ડૂબી ગયું છે. ગંગા નદીમાં સતત જળસ્તર વધી રહ્યું છે જેના કારણે અનેક નીચાણવાળા વિસ્તારોમાં અલર્ટ આપવામાં આવ્યું છે. આ તરફ મુંબઈમાં ફરી એકવાર વરસાદ શરૂ થઈ ગયો છે. જેના કારણે શહેરના અનેક વિસ્તારોમાં રસ્તા પર પાણી ભરાવાની શરૂઆત થઈ ગઈ છે. અઠવાડિયા પહેલાં માત્ર ૬ કલાકના વરસાદે મુંબઈને પાણી-પાણી કરી નાંખ્યું હતું ત્યારે ફરી એકવાર શરૂ થયેલા વરસાદે માયાનગરીના લોકોની મુસીબત વધારી દીધી છે.

મુંબઈમાં મરીન ડ્રાઈવ પાસે દરિયામાં ભારે કરંટ જોવા મળી રહ્યો છે. ભારે વરસાદની આગાહી વચ્ચે હવામાન વિભાગે દરિયામાં હાઈટાઈડની ચેતવણી આપી છે. દક્ષિણ ભારતના રાજ્ય તમિલનાડુમાં પણ ભારે વરસાદના કારણે નદી-નાળા નવા નીરથી છલકાઈ ઉઠ્યા છે. નિલગિરિ જિલ્લામાં મૂશળધાર વરસાદના કારણે શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. આ દ્રશ્યો નવી દિલ્લીના જનપથ વિસ્તારના છે. અહીયા ફ્લાયઓવરની નીચેના ભાગમાં વરસાદી પાણી ભરાઈ જતાં વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે. હવામાન વિભાગે દેશના ૧૭ રાજ્યોમાં ભારે વરસાદની આગાહી કરી છે.. જેના કારણે તે રાજ્યોમાં લોકોએ સાવધાન રહેવું પડશે.

## તમામ વિદ્યાર્થીઓના પરિણામ વેબસાઈટ પર અપલોડ કરો

### સુપ્રીમ કોર્ટે NTAને આપ્યો આદેશ : કોર્ટે શનિવાર બપોર સુધીમાં ઓનલાઈન અપલોડ કરવા કહ્યું

નવી દિલ્હી, તા.૧૮

સુપ્રીમ કોર્ટેમાં આજે (૧૮ જુલાઈ) NEET-UG 2024 ની પરીક્ષામાં પેપર લીક અને ગેરરિતિ આક્ષેપ કરતી અરજીઓની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં કોર્ટે NTAને NEET-UGના તમામ વિદ્યાર્થીઓના કેન્દ્ર અને શહેર મુજબના પરિણામો ઓનલાઈન અપલોડ કરવા કહ્યું છે. આ ઉપરાંત કોર્ટે કાઉન્સેલિંગ પર પ્રતિબંધ મૂકવાનો પણ ઈનકાર કરી દીધો છે. હવે સુપ્રીમ કોર્ટમાં આગામી સુનાવણી ૨૨મી જુલાઈએ થશે.

સુપ્રીમ કોર્ટે NTAને નિર્દેશ આપ્યો છે કે NEET-UGના તમામ વિદ્યાર્થીઓના પરિણામો શહેર અને કેન્દ્ર મુજબ શનિવારે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ઓનલાઈન અપલોડ કરવામાં



આવે. કોર્ટે સોમવાર સુધી કાઉન્સેલિંગ પર સ્ટે આપવાનો ઈનકાર કરી દીધો છે. એસજીએ કહ્યું હતું કે 'કાઉન્સેલિંગમાં થોડો સમય લાગશે. તે ૨૪ જુલાઈની આસપાસ શરૂ થશે. CJIએ કહ્યું, 'અમે સોમવારે જ સુનાવણી કરીશું.' NEET-UG પરીક્ષા રદ થશે કે નહીં? આજે સુપ્રીમ કોર્ટમાં લાંબી ચર્ચા બાદ પણ ૨૩ લાખ મેડિકલ વિદ્યાર્થીઓ આ સવાલના જવાબની રાહ જોઈ રહ્યા છે. સુનાવણી દરમિયાન અરજદારોની ન્યૂનતમ સંખ્યા, IIT મદ્રાસનો રિપોર્ટ, પેપરમાં ક્યારે અને કેવી રીતે ગેરરિતિ થઈ, કેટલા સોલ્વર્સ પકડાયા, ફરીથી તપાસની માંગ અને પેપરમાં થયેલી ગેરરિતિઓની સંપૂર્ણ સમયરેખા અંગે ચર્ચા કરવામાં આવી હતી. હવે ઉમેદવારોએ સોમવારે યોજાનારી NEET વિવાદ પર સુનાવણીની રાહ જોવી પડશે.

### નીટ પેપર લીક કેસ : પટના એઈમ્સના ૩ ડોક્ટરોની ધરપકડ

નવીદિલ્હી, તા.૧૮

NEET પેપર લીક મામલે આજે સુપ્રીમ કોર્ટ માં મહત્વની સુનાવણી છે. આ પહેલા CBIને મોટી સફળતા મળી છે. આ કેસની તપાસ કરી રહેલી સીબીઆઈએ પેપર લીક ગેંગના સોલ્વર્સ કનેક્શન સુધી પહોંચ્યું છે. આ દરમિયાન તપાસ એજન્સીએ પટના એમ્સના ત્રણ ડોક્ટરોની અટકાયત કરી છે. સીબીઆઈ ત્રણેય ડોક્ટરોને પૂછપરછ માટે પોતાની સાથે લઈ ગઈ છે. પટના AIIMSના આ ત્રણ ડોક્ટરો ૨૦૨૧ બેચના મેડિકલ સ્ટુડન્ટ છે. સીબીઆઈએ આ ત્રણ ડોક્ટરોના રૂમને પણ સીલ કરી દીધા છે. તેમના લેપટોપ અને મોબાઈલ ફોન પણ જપ્ત કરવામાં આવ્યા છે. સીબીઆઈએ NEET પેપર લીક થવાથી લઈને ઉમેદવારો સુધી પહોંચાડવા સુધીના સમગ્ર નેટવર્ક ને જોડી દીધું છે. સીબીઆઈએ પંકજને પકડી લીધો છે જે પેપર લઈને ટ્રકમાંથી પત્રિકાઓ ફેલાવતો હતો. પંકજને ઓએસિસ સ્કૂલના પ્રિન્સિપાલ સાથે કનેક્શન મળ્યું છે. હજારીબાગની આ શાળામાંથી પેપર સંજીવ મુખિયા સુધી પહોંચ્યું હતું. સંજીવ મુખિયાથી પેપર રોકી સુધી પહોંચ્યું હતું. રોકીએ સોલ્વર દ્વારા પેપર સોલ્વ કર્યું. આ કનેક્શનમાં સીબીઆઈએ પટના એમ્સના ત્રણ ડોક્ટરોની અટકાયત કરી છે. પેપર લીક કેસમાં અત્યાર સુધીમાં ૧૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

## ૮ જિલ્લામાં જાહેર કરાયુ વરસાદનું રેડ એલર્ટ

અમદાવાદ,તા.૧૮

રાજ્યમાં મેઘરાજા મન મુકીને વરસી રહ્યા છે. ત્યારે આગામી બે દિવસ મેઘરાજાનો આક્રમક અંદાજ જોવા મળશે. રાજ્યના ૮ જિલ્લા દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, ગીરસોમનાથ અને અમરેલીમાં વરસાદનું રેડ એલર્ટ જાહેર કરાયુ છે.

ગુજરાતમાં હાલ મેઘરાજા મૂશળધાર રીતે વરસી રહ્યા છે અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં સૌથી વધુ હેત જોવા મળી રહ્યો છે. દ્વારકાથી લઇને જૂનાગઢ અને પોરબંદરથી લઇને રાજકોટ જિલ્લામાં ધોધમાર વરસાદ પડ્યો છે અને નદીઓ ગાંડીતૂર બની છે. ગામડાઓ જળબંબાકાર થયા છે અને જળાશયોમાં આવ્યા છે નવા નીર. સૌરાષ્ટ્રમાં સાંબેલાધાર રીતે મેહુલિયો વરસ્યો છે. હજુ પણ આગામી ૪૮ કલાક સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓમાં ધોધમાર વરસાદની આગાહી કરવામાં આવી છે.રાજ્યમાં આગામી બે દિવસ મેઘરાજાનો જોવા મળશે આક્રમક અંદાજ, બે દિવસ રાજ્યના અનેક જિલ્લાઓમાં રેડ એલર્ટ આપવામાં આવ્યુ છે. આ દરમિયાન કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ સાથે અત્યંત ભારે વરસાદ પડી કે છે. રાજ્યના ૮ જિલ્લામાં હવામાન વિભાગે રેડ એલર્ટ જાહેર કર્યુ છે. જેમા દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જુનાગઢ, ગીરસોમનાથ, અમરેલીમાં રેડ એલર્ટ આપવામાં આવ્યુ છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના અમુક જિલ્લામાં ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યુ છે. આવતીકાલે ચાર જિલ્લામાં હવામાન વિભાગે વરસાદનું રેડ એલર્ટ આપ્યુ છે.

## આજનું રાશિફળ

**મેષ :**

આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. સાંજ માટે કશું ખાસ આયોજન કરો અને તેને થઈ શકે એટલું રૉમેન્ટિક બનાવવાનો પ્રયાસ કરો. બિઝનેસમેન્સ માટે સારો દિવસ. બિઝનેસ માટે એકાએક હાથ ધરાયેલો પ્રવાસ હકારાત્મક પરિણામ લાવશે. આ રાશિ ના લોકો ને આજે દારૂ અને સિગારેટ થી દૂર રહેવા ની જરૂર છે કારણ કે તે તમારો કિંમતી સમય બગાડે છે. આજે લગ્ન તમારા જીવનના શ્રેષ્ઠ તબક્કે પહોંચશે.

**વૃષભ :**

આજના દિવસે શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરમ તથા પોષચ આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો. કોઈ પિકનિક સ્પૉટની મુલાકાત લઈ તમે તમારૂં પ્રેમ જીવન ઝળકાવી શકો છો. કામના સ્થળે મામલો ઉકેલવા માટે તમારે તમારૂં બુદ્ધિચાતુર્ય તથા તમારી વગ વાપરવાની જરૂર છે. આજે જીવનસાથી સાથે સમય પસાર કરવા માટે તમારી પાસે પર્યાપ્ત સમય હશે. તમારા પ્રેમ ને જોઈ આજે તમારો પ્રેમી ગદગદ થયી જશે. લગ્નજીવનને સારૂં બનાવવાના તમારા પ્રયાસોઆજે તમારી અપેક્ષા કરતાં સારાં પરિણામ દેખાડશે.

**મિથુન :**

આજના દિવસે તમે તમારા હકારાત્મક અભિગમ તથા આત્મવિશ્વાસ દ્વારા તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરો એવી શક્યતા છે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. ઘરના સુશોભીકરણની સાથે બાળકોની જરૂરિયાતોનું પણ ધ્યાન રાખજો. સુવ્યવસ્થિત હોવા છતાં બાળકો વિનાનું ઘર આત્મા વિનાનું લાગે છે. બાળકો ઘરની ખુશીમાં ચાર ચાંદ લગાડે છે. અણધાર્યો રૉમેન્ટિક ઝુકાવ સાંજના સમયે તમારા મગજને ઘેરી વળશે. તમારા ભાગીદાર સાથે કામ લેવું મુશ્કેલ હશે. તમે જો પ્રવાસને લગતી કોઈ યોજના ઘડી હોય -તો તમારા સમયપત્રકમાં છેલ્લી ઘડીના ફેરફારને કારણે તે મુલત્વી રહેશે. તમારા જીવનસાથી આજે કેટલીક મસ્તી અને ધમાલ દ્વારા તમને તમારી કિશોરાવસ્થાની યાદ દેવડાવશે.

**કર્ક :**

આજના દિવસે બ્લડ પ્રૅશરના દરદીઓ લોહીનું દબાણ ઘટાડવા રૅડ વાઈનની મદદ લઈ શકે છે અને કૉલૅસ્ટ્રોલનું પ્રમાણ નીચું રાખી શકે છે. આનાથી તેમને વધુ રાહત થશે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. તમારો ફાજલ સમય ઘરના સુશોભિકરણ પાછળ લગાડો. તમારો પરિવાર ખરેખર આ બાબતની સરાહના કરશે. પોતાના જીવન કરતાં તમને વધુ પ્રેમ કરતી વ્યક્તિને તમે મળશો. સાવચેતીપૂર્વક વાચ્યા વિના કોઈ બિઝનેસ અથવા કાનૂની દસ્તાવેજ પર સહી કરતા નહીં. જ્યાં સુધી મુશ્કેલીમાંથી માર્ગ કાઢવાની ઈચ્છા છે ત્યાં સુધી કશું જ અશક્ય નથી. સોશિયલ મિડિયા પર તમને લગ્ન વિશેના મેસેજીસ આવતા હોય છે, પણ આજે તમે આશ્ચર્યચકિત થઈ જશો જ્યારે લગ્નજીવનને લગતી કેટલીક ચોંકાવનારી વાસ્ચવિક્તાઓ તમારી સામે આવશે.

**સિંહ :**

આજના દિવસે વધુ પડતી કેલૅરી ધરાવતું ભોજન ટાળો અને તમારા વ્યાયામને ભક્તિભાવપૂર્વક વળગી રહો. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. પ્રેમ એ વસંત, ફૂલો, પવન, સૂર્યપ્રકાશ અને પતંગિયાં સમાન છે. આજે તમે રોમેન્ટિક સ્પંદનો અનુભવશો. અટકી પડેલા પ્રસ્તાવો અમલમાં મુકાશે. કાર્યક્ષેત્ર માં કોઈ મુશ્કેલી હોવા ને કારણે તમે આજે પરેશાન થઈ શકો છો અને તેના વિશે વિચારવા માં તમારો કિંમતી સમય બગાડી શકો છો.

**કન્યા :**

આજના દિવસે સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે એ સંદેશ તમારે તમારા પ્રિયપાત્રને જરૂર પહોંચાડવો જોઈએ. અન્ય દેશોમાં વ્યાવસાયિક સંપર્કો વિકસાવવા માટે આ અદભુત સમય છે. તમારા વડે આજ ના દિવસ માં એવા કામ કરવા માં આવશે જેના વિષે તમે ઘણી વાર વિચારો છો પરંતુ કરવા માટે અસમર્થ હતા. આજે તમે અનુભવશો કે તમારા જીવનસાથીનો પ્રેમ તમને જીવનની પીડાઓ ભુલાવવામાં મદદરૂપ થાય છે.

**તુલા :**

આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. દિવસના ઉત્તરાર્ધ માટે કશુંક ઉત્તેજનાસભર અને મનોરંજક વિચારી રાખો. અંગત માર્ગદર્શન તમારા સંબંધોને સુધારશે. પ્રવાસને કારણે તમારા વ્યાપારી સંપર્કો વધવાની શક્યતા છે. તમારા શરીર ને સુધારવા માટે, તમે આજે પણ ઘણી વાર વિચારશો, પરંતુ બાકી ના દિવસોની જેમ, આ યોજના પણ અટકાયેલી રહેશે. તમારા જીવનસાથી તમારા ખરા દેવદૂત છે, અને તમને એ બાબત આજે સમજાશે.

**વૃશ્ચિક :**

આજના દિવસે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારા દિલ પર રૉમાન્સનું રાજ હશે. અન્ય દેશોમાં વ્યાવસાયિક સંપર્કો વિકસાવવા માટે આ અદભુત સમય છે. આ રાશિ ના વિદ્યાર્થીઓ આજે મોબાઈલ માં આખો દિવસ બગાડી શકે છે. તમારા જીવનસાથી તમારી સાથે આટલા સારા ક્યારેય નહોતા. તમને આજે તમારા જીવનમાંના પ્રેમ તરફથી કોઈક સરપ્રાઈઝ મળી શકે છે.

**ધન :**

આજના દિવસે તમારી અપેક્ષાઓ અને ઉમેદો પર ભયને કારણે અસર પડવાની ઊંચી શક્યાઓ જોવાય છે. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. ઘરમાં સમસ્યા ઊભી થઈ શકે છે-પણ તમારા નાની-નાની બાબતોમાં તમારા જીવનસાથીની ટીકા કરવાનું બંધ કરો. આજે ઉચ્ચતમ દેખાવ અને ઉચ્ચતમ લોકોને મળવાનો દિવસ છે. વ્યર્થ વાદ-વિવાદ માં આજે ખાલી સમય બગડી શકે છે, જે તમને દિવસ ના અંતે નિરાશ કરશે. તમારા જીવનસાથી આજે તમને તમારી સાથે જીવન વીતાવવા અંગેની અણગમતી વાતો કદાચ જણાવશે.

**મકર :**

આજના દિવસે મોતિયાના દરદીઓએ પ્રદૂષિત વાતાવરણ હોય તેવા સ્થળની મુલાકાત લેવાનું ટાળવું જોઈએ, કેમ કે ધુમાડાને કારણે આંખોને વધુ નુકસાન થઈ શકે છે. શક્ય હોય તો સૂર્યપ્રકાશ સાથે સંપર્ક પણ ટાળવો. જે લોકોએ લોન લીધું હતું તે લોકો ને લોન ની રાશિ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે. તમારા ઘરના વાતાવરણમાં તમે અનુકુળ ફેરફાર કરશો. આજે તમારૂં પ્રેમ જીવન તમને આશીર્વાદ આપી રહ્યું છે. નવું સાહસ લલચાવનારૂં તથા સારૂં વળતર આપનારૂં હશે. ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે. તમારા લગ્નજીવનમાં પરિસ્થિતિ આજે ખરેખર સુંદર જણાય છે.તમારા જીવનસાથી સાથે એક અદભુત સાંનું આયોજન કરો.

**કુંભ :**

આજના દિવસે બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. તમારા મહેમાનો સાથે અનાડી જેવું વર્તન ન કરતા. તમારૂં વર્તન ન માત્ર તમારા પરિવારને નારાજ કરશે બલ્કે સંબંધોમાં પણ તિરાડ પાડી શકે છે. આજે તમારા પ્રિયપાત્રને માફ કરવાનું ભૂલશો નહીં. અનોય તમારે વધારો પડતો સમય માગશે-તેમને કોઈ વચન આપો એ પૂર્વે તકેદારી રાખે કે તમારા કામા પર તેની અસર ન થાય તથા તેઓ તમારી સારપ અને ઉદારતાનો લાભ તો નથી લઈ રહ્યા. વિદ્યાર્થીઓ ને સલાહ આપવા માં આવે છે કે મિત્રતા ના મામલે આ કિંમતી ક્ષણો બગાડે નહીં. ભવિષ્ય માં પણ મિત્રો મળી શકે છે, પરંતુ અભ્યાસ કરવા નો આ શ્રેષ્ઠ સમય છે.

**મીન :**

આજના દિવસે સુસુપ્ત પડી રહેલી સમસ્યાઓ માથું ઊંચકશે અને પોતાની સાથે માનસિક તાણ લાવશે. પૈસા ની અછત આજે ઘર માં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજીપૂર્વક વાત કરો અને તેમની સલાહ લો. પરિવારના સભ્યો સાથેના મતભેદો દૂર કરીને-તમે તમારા ધ્યેયોને આસાનીથી પ્રાપ્ત કરી શકશો. તમે પ્રેમમાં ધીમે પણ એકધારા બળશો. કારકિર્દીના સારી તક માટે કરાયેલી મુસાફરી કદાચ સાકાર થશે. આવું કરવા પૂર્વે તમારા માતા-પિતાની પરવાનગી લેજો, અન્યથા તેઓ પછીથી આ બાબતને વિરોધ કરી શકે છે. તમારી વાતચીતમાં તમે જેવા છો એવા જ રહો.

# મુન્દ્રા અદાણી પોર્ટે ઓપરેશન્સ અને લોજીસ્ટિક્સમાં નવા સિમાચિહ્નો હાંસલ કર્યા




**અભૂતપૂર્વ સિદ્ધિઓ સાથે પોર્ટ્સનું અદભૂત પ્રદર્શન એક ક્વાટરમાં ૫૧.૨ MMT કાર્ગો હેન્ડલ કરનાર દેશનું પ્રથમ પોર્ટ બન્યુ સાથે એક જ દિવસમાં ૪૫ જહાજોનું સંચાલન કરીને નેશનલ રેકોર્ડ બનાવ્યો.નેટવર્કથી ભારતની આસપાસ વ્યાપાર માળખું વિકસાવવામાં વધુ મદદ મળવાનો આશાવાદ**

મુન્દ્રા તા.૧૮

અદાણી પોર્ટ મુન્દ્રા અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરી ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરી રહ્યું છે. જૂન ૨૦૨૪માં કંપનીએ વિવિધ વિક્રમોની વણજાર સર્જી છે. કાર્ગો હેન્ડલિંગ, કન્ટેનર રેક હેન્ડલીંગ, અને મરીન ઓપરેશન્સમાં અભૂતપૂર્વ સીમાચિહ્નો હાંસલ કરનાર મુંદ્રા પોર્ટ ભારતનું એકમાત્ર પોર્ટ બની ગયું છે.જૂન ૨૦૨૪માં અદાણી પોર્ટ્સ મુન્દ્રાએ સૌથી વધુ ૧,૫૯૪ કન્ટેનર ટ્રેન (૧.૬૮ લાખ કન્ટેનર) હેન્ડલ કરીને અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરી છે.

આ અસાધારણ કામગીરીમાં કુલ ૩૩ ટ્રેનો દ્વારા સંચાલિત ૩,૯૫૪ TEUs સાથે એક જ દિવસમાં સૌથી વધુ સંખ્યામાં આઉટવર્ડ (આયાત) TEU નું હેન્ડલિંગ પણ સામેલ છે.સાથે મુંદ્રા પોર્ટે ફાઈનાન્સીયલ વર્ષના પ્રથમ ક્વાટર માં ૫૧.૨ મિલિયન મેટ્રિક ટન (એમએમટી) ઐતિહાસિક કાર્ગો હેન્ડલિંગ કરી નવો બેન્ચમાર્ક સેટ કર્યો છે. ભારતમાં એક ક્વાટરમાં આટલો કાર્ગો હેન્ડલ કરનાર પ્રથમ પોર્ટ બન્યુ છે. તે દેશના લોજિસ્ટિક્સ અને વેપાર ક્ષેત્રોમાં મુન્દ્રા પોર્ટની મુખ્ય ભૂમિકા દર્શાવે છે. અદાણી પોર્ટ્સની મરીન ટીમે એક જ દિવસમાં ૪૫ જહાજોનું સંચાલન કરીને એક નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કર્યું છે. મુંદ્રા પોર્ટ દ્વારા એક જ દિવસમાં હેન્ડલ કરાયેલા જહાજોની આ સૌથી વધુ સંખ્યા છે. પોર્ટના મરીન ઓપરેન્શે અગાઉ ૧૭-૧૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ૪૩ જહાજ હેન્ડલિંગનો વિક્રમ સર્જ્યો હતો. ૨૪-કલાકના સમયગાળામાં બંદરે જટિલ દરિયાઈ કામગીરીનું સુરક્ષિત સંકલન કરી કાર્યક્ષમતાને ઉજાગર કરી છે. અદાણી પોર્ટ સેઝ ના પ્રવક્તાએ આ સીમાચિહ્નો હાંસલ કરવા અંગે જણાવ્યું હતું કે આ સિદ્ધિઓ અમારી ટીમના અવિરત સમર્પણ,નવીન અભિગમ અને પોર્ટ ઓપરેશનમાં નવા માપદંડો સ્થાપિત કરવાની પ્રતિબદ્ધતાનો પુરાવો છે. ભારતની લોજિસ્ટિક્સ ક્ષમતાઓમાં નોંધપાત્ર યોગદાન આપવા બદલ અમને ગર્વ છે. અમારા તમામ પ્રયાસોમાં વૃદ્ધિ અને શ્રેષ્ઠતા બરકરાર રાખવા અમે પ્રતિબદ્ધ છીએ ભારતની સૌથી મોટી પોર્ટ ઓપરેટર કંપની અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (APSEZ) વ્યૂહાત્મક પહેલ, અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઓપરેશનલ એક્સેલન્સમાં ઉદ્યોગનું નેતૃત્વ કરી રહી છે. બ્લૂમબર્ગમાં પ્રકાશિત અહેવાલ અનુસાર,અદાણી ગ્રુપ વિયેતનામમાં ચોથું આંતરરાષ્ટ્રીય પોર્ટ બનાવશે. અગાઉ કંપનીએ ઈઝરાયેલમાં હાઈફા, શ્રીલંકાના કોલંબો અને તાન્ઝાનિયાના દાર એ સલામમાં પોર્ટ મેળવ્યા છે. વિદેશમાં અદાણી પોર્ટના વધતા નેટવર્કથી ભારતની આસપાસ વ્યાપાર માળખું વિકસાવવામાં વધુ મદદ મળશે.

# કચ્છના ઉદ્યોગ-પ્રવાસનને વેગ આપવા સુરતને જોડતી વંદે ભારત ટ્રેનની માંગ

**વધુ સારી ક્નેક્ટીવીટી-વધુ સારું અર્થતંત્ર તથા અનેક રીતે ઉપયોગી એવી ગાંધીધામ-સુરતને જોડતી વંદે ભારત ટ્રેન આપવા ગાંધીધામ ચેમ્બરે કેન્દ્રીય રેલ્વે મંત્રીને પત્ર પાઠવી ગાંધીધામ મુલાકાત સમયની યાદ અપાવી**

ગાંધીધામ તા.૧૮

ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવની ગાંધીધામ કચ્છની મુલાકાત દરમ્યાન તેઓને અપાયેલ આવેદન પૈકી, જાહેરમાં સકારાત્મક પ્રતિસાદ સાથે માંગ સ્વિકારાતાં દિલ્હી ખાતે પ્રતિનિધિમંડળને મુલાકાત લેવા પણ આમંત્રિત કરાયેલ, તેની યાદ અપાવી, મુખ્ય માંગો પૈકી, ગુજરાત રાજયના બે મુખ્ય ઔદ્યોગિક અને આર્થિક કેન્દ્રો, ગાંધીધામ અને સુરતને જોડતી વંદે ભારત ટ્રેન શરૂ કરવા સબબ પત્ર પાઠવી ફરીથી રજુઆત યાદ અપાવી છે. ચેમ્બર પ્રમુખ મહેશ પુજે પત્રની વિગતમાં કરેલ મુદ્દાસર રજુઆત અનુસાર ગાંધીધામ અને સુરતને જોડતી વંદે ભારત ટ્રેન શરૂ કરવાથી બંને રાજયના પશ્ચિમ અને દક્ષિણ પ્રદેશના ઔદ્યોગિક વિસ્તાર અને અતિ વિકસિત શહેરો વચ્ચે જોડતી ઝડપી અને અદ્યતન રેલ્વે કનેક્ટીવીટી પુરી પાડશે, જે વ્યાપાર, ઉદ્યોગ અને પર્યટનને વેગ આપશે. તેમણે વધુમાં જણાવેલ કે, મહત્વપૂર્ણ આર્થિક અને ઔદ્યોગિક કેન્દ્રો પૈકીનું સુરત એ રાજયનું બીજા નંબર સહુથી મોટું શહેર છે ત્યારે ગાંધીધામ એ દેશનો સહુથી મોટો અને ઝડપથી વિકસિત બંદરીય વ્યાપાર ધરાવતો સરહદી વિસ્તાર હોઇ, સાથે-સાથે નવા-નવા ઔદ્યોગિક ગૃહો, અહિં આવનાર હોઇ લોકો માટે રેલ્વેની આ સુવિધા મળવાથી, બેઉ સ્થળનો સંપર્ક જોડાઇ જશે, સાથે વિકાસને પણ વેગ મળરશે, તેવો વિશ્વાસ વ્યક્ત કરેલ.ચેમ્બરના માનદ મંત્રી મહેશ તિર્થાણીના જણાવ્યા અનુસાર બંને શહેરો ગુજરાતના અર્થતંત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને ક્ચ્છના વિશાળ રણ તથા દરિયાઇ વિસ્તાર ધરાવવાને કારણે બંદરીય વ્યાપાર સાથે પેટ્રો કેમિક્લ, ખાતરો અને ઈજનેરી ઉદ્યોગોનો ગાંધીધામમાં સમાવેશ થાય છે. તો બીજી તરફ સુરત એ ટેક્સટાઇલ, હીરા અને રસાયણ ઉદ્યોગ માટેનું પ્રખ્યાત કેન્દ્ર ગણાય છે, તેવા સંજોગોમાં બન્ને શહેરો વચ્ચે રેલ્વે ક્નેકટીવીટી ઘણી મર્યાદિત છે.હાલમાં ચાલતી ટ્રેનો પુરતી સંખ્યામાં નહોતાં વ્યાપારીઓ, ઉદ્યોગપતિઓ અને પ્રવાસીઓની મુસાફરીને મુશ્કેલ બનાવે છે. વંઠે ભારત ટ્રેન મળવાથી ગાંધીધામ અને સુરત વચ્ચેના મુસાફરીના સમયને નોંધપાત્ર રીતે ઘટાડવા સાથે આધુનિક સુવિધાઓથી સજ્જ હશે તો મુસાફરીને પણ વધુ આરામદાયક અને આનંદદાયક બનાવી શકારો. ગાંધીધામ ચેમ્બરે આ બાબતે ક્ચ્છના સાંસદ વિનોદ ચાવડા અને ગાંધીધામના ધારાસભ્ય માલતી મહેશ્વરીને પણ કેન્દ્રીય રેલ્વે મંત્રી સમક્ષ રજુઆત કરવાની યાદ અપાવી ખાત્રી ઉચ્ચારી હતી કે, વંદે ભારત ટ્રેન ગુજરાતના અર્થતંત્રને પણ ઘણા ફાયદા કરાવશે અને બંને વિસ્તારના વ્યાપાર-ઉદ્યોગ તથા પ્રવાસનને વેગ આપવા સાથે રોજગારીનું નિર્માણ પણ કરશે તે માટે પ્રોત્સાહિત કરવા સાથે, આધુનિક સુવિધાઓથી સજ્જ આ ટ્રેન માટેની ગાંધીધામ ચેમ્બરની મહત્વપૂર્ણ માંગને કેન્દ્ર સરકાર તાત્કાલિક રીતે ધ્યાનમાં લેશે, તેવો આશાવાદ વ્યક્ત કરાયો હતો,

# પ્રાચીન કાંસ્યશાળી ફૂટ મસાજ સારવારની પુનઃ શરૂઆત

અમદાવાદ તા.૧૮

છેલ્લા કેટલાક સમયથી આપણાં ત્યાં કાંસ્યથાળી ફૂટ મસાજ કાંસ્યથેરાપીની શરૂઆત થઈ છે. અમદાવાદ મણિનગરમાં રહેતા દિપ્તેશ મહેતાએ સેટેલાઈટના મધુર હોલ, પ્રહલાદનગર ખાતે સિટી સ્ક્વેર માર્ટમાં આ થેરાપીની શરૂઆત કરી છે.



દિપ્તેશ મહેતા કે જેઓ વર્ષો સુધી સેલ્સ અને માર્કેટિંગ ક્ષેત્રે સંકળાયેલા હતા, ઘણી સારી જાણીતી બ્રાંડ્સમાં એરીયા મેનેજર તરીકે ફરજ બજાવી ચૂક્યા છે, પરંતુ છેલ્લા ૧૨-૧૩ વર્ષના ગાળામાં વારંવાર હદયમાં એન્જીયોપ્લાસ્ટી થવી અને તેમનાં હદયમાં સાત સાત સ્ટેન્ટ મુકેલા હોવાથી દોડધામ વાળી નોકરીને તિલાંજલિ આપી અને જીવનમાં હાર માનવાના બદલે આત્મનિર્ભર બનવાના ઉદેશથી કાંસ્યથાળી ફૂટ મસાજ સેન્ટરની શરૂઆત કરી છે. આ થેરાપી વિશે વાત કરીએ તો "આરામદાયક જીવન માટેનો આહલાદકઅનુભવ"અર્થાત્ કાંસ્યથાળીફૂટમસાજ સેન્ટર કાંસ્ય થેરાપી. કાંસ્ય થેરાપી એ વર્ષો જૂની પરંપરાથી કાંસાની વાડકીથી તેલ કે ઘી દ્વારા પગના તળિયામાં કરવામાં આવતું મસાજ છે.

આ થેરાપી એ ત્રિદોષ નિવારણમાં ઉત્તમ કારગર સાબિત થાય છે (ત્રિદોષ એટલેકે વાત-પિત્ત અને કફ) કાંસ્ય થેરાપીથી થતાં ફાયદાઓ જોઈએ તો : શરીરની આંતરિક ગરમીને દૂર કરે છે, શરીરમાં રહેલી ૭૨૦૦૦ નસ નાડીઓને ઉત્તેજિત કરીને બ્લડ સરક્યુલેશન રેગ્યુલર



કરે છે, આંખોની માંસપેશીઓને ઉત્તેજિત કરે છે, જેનાં કારણે આંખોની નીચે રહેલા કાળાં કુંડાળા આપોઆપ દૂર થવા લાગે છે. શરીરનો થાક ઓછો કરે અને શરીરમાં ઠંડક વધારે છે, ડાયાબિટીસના કારણે પગમાં થતું નુકસાન તથા બળતરા અટકાવે છે, જેમ કે, ગેંગરીંગ થતું અટકે, નસો સુકાતી હોય તો રાહત થાય, પગની બળતરા તથા દુઃખાવામાં ઘટાડો કકરીને તેને અટકાવે અને રાહત આપે, અનિંન્દ્રા દૂર કરે અને ઊંઘ આપે, પગ - ઘૂંટણ - એડીના દુઃખાવામાં રાહત આપે છે. પગનો સોજો દૂર કરે છે, પગના તળિયાં ફાટતાં અટકાવે છે, પાચનક્રિયાને સક્રિય કરવામાં મદદરૂપ થાય છે, જેના કારણે વજન ઘટાડવામાં મદદરૂપ થાય છે. સાઈટીકા-વેરીકોસ વેઈન જેવી તકલીફોમાં ઘણી રાહત આપે છે.

શરીર અને મનને શાંત કરે છે, લકવાના દર્દીને ઝડપી રીકવરી મેળવવા માટે સ્પેશિયલ આયુર્વેદિક તેલ દ્વારા સારવાર, દસ મિનિટનું એક સિટીંગ ફક્ત ૧૦૦ માં થાય છે, સાથે ૭ સિટીંગના ટ્રાયલ પેકથી લઈને ૩૦-૬૦-૯૦ સિટીંગ સુધીનાં અલગ અલગ ડિસ્કાઉન્ટ પેકેજ પણ ઉપલબ્ધ છે. દિપ્તેશ મહેતાએ તેમનું આ કાંસ્યથાળી ફૂટ મસાજ મશિન નિતા અંબાણી પરીવારને તેમના 'એન્ટિલીયા હાઉસ' માટે પણ વેચાણ આપેલ છે અને અંબાણી પરિવાર તથા એન્ટિલિયા સ્ટાફ આ થેરાપી રેગ્યુલર લઈ રહ્યા છે. શુધ્ધ ઘી તથા ગીર ગાયના ઘી ના નામથી બજારમાં વેચાણ થતાં ડુપ્લીકેટ ઘી આપના પગને નુકસાન પહોંચાડી શકે છે. એ સાચું છે કે પહેલાના સમયમાં ગાયનાં શુધ્ધ ઘીથી પગના તળિયામાં વાટકી ઘસવામાં આવતી પરંતુ આજકાલ માર્કેટમાં ડુપ્લીકેટ ઘી ઘણાં મળે છે જેને મટનટેલો કહી શકાય માટે ઘી કરતાં ત્રિદોષનાશક તેલ વધું સારું રિઝલ્ટ આપે છે.

આ સિવાય વધારામાં અન્ય થેરાપી, ખાસ કરીને બેલેન્સ થેરાપી એટલે કે શરીરનું બેલેન્સ જાળવી રાખીને, નાભી બેલેન્સ કરીને શરીરમાં રહેલાં નાનામોટા રોગોને દૂર કરવાની થેરાપી પણ આપવામાં આવે છે, કમરનાં દુખાવા, ઢીંચણના દુઃખાવા, સાઈટીકા - વેરીકોસ વેઈન જેવી તકલીફોમાં સ્પેશિયલ થેરાપી પણ આપવામાં આવે છે. શિરોધારા :જો કોઈને વાળ તૂટતાં ઝડતા હોય, માથામાં ઉંદરી હોય, હેર ગ્રોથ મળતો ન હોય, માઈગ્રેનની તકલીફો હોય તો અહીં દર રવિવારે શિરોધારા પણ કરવામાં આવે છે. દિપ્તેશ મહેતાના મોટાભાઈ કમલેશ મહેતા કે જેઓ આયુર્વેદની અંદર ઘણાં પારંગત છે, ઘણીબધી આયુર્વેદીક દવાઓ બનાવે છે, અને આ કાસ્યથેરાપી નો કોન્સેપ્ટ પણ તેઓજ લઈ ને આવ્યાં છે. સંપર્ક : દિપ્તેશ મહેતા ૯૮૯૮૧૧૨૨૪૪

# અબડાસાના ખેડૂતે પ્રાકૃતિક રીતે ઘઉંની ખેતી કરીને નવો માર્ગ કંડાર્યો



**પૈયાના ખેડૂતે રાસાયણિક ખેતી ત્યજીને નવી ખેતી દ્વારા અન્ય ખેડુત માટે પ્રેરણા બન્યો હઠુભા સોઢાને પ્રાકૃતિક ખેતી થકી ખર્ચ ઘટવા સાથે નફામાં વધારો થયો હોવાનુ જણાવી પ્રાકૃતિક ખેતી થકી કપાસ, એરંડા જેવા પાકોનું વાવેતર કર્યુ છે**

પૈયા તા.૧૮

અબડાસા તાલુકાના પૈયાના હઠુભા જીજીભા સોઢા પ્રાકૃતિક ખેતીથી ઘઉં ઉગાડીને તાલુકાના અન્ય ખેડૂતો માટે પ્રેરણાદાયી બન્યા છે.રાસાયણિક ખેતીમાં વધુ પડતા ખર્ચ તથા ઓછા નફાના કારણે મુશ્કેલી અનુભવતા હઠુભા પ્રાકૃતિક ખેતી તરફ વળીને હાલ ઘઉં સાથે અન્ય પાક પણ પ્રાકૃતિક પદ્ધતિથી લઇ રહ્યા છે.પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત હઠુભા જણાવે છે કે, હું વર્ષ ૨૦૨૦ થી પ્રાકૃતિક ખેતી કરું છું, છેલ્લા પાંચ વર્ષથી આત્મા યોજના સાથે જોડાયેલો છું.આત્મા દ્વારા યોજાયેલી પ્રાકૃતિક કૃષિની તાલીમમાં ભાગ લીધા બાદ પ્રાકૃતિક ખેતી વિષેની માહિતી મળતા પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી.જયારે હું રાસાયણિક ખેતીથી ઘઉંનું વાવેતર કરતો હતો ત્યારે એક એકર દીઠ ૩૦ હજારનો ખર્ચ તથા ચોખ્ખી આવક રૂપિયા ૭૦ હજાર થતી હતી. જ્યારે પ્રાકૃતિક ખેતીમાં મને એક એકર દીઠ ૨૩ હજારના ખર્ચમાં ૧ લાખથી વધુની આવક થઇ રહી છે. ઉપરાંત બજાર ભાવ પણ સારા મળી રહ્યા છે, તેમજ મારી જમીનની ફળદ્રુપતા વધી થઇ છે. નીંદણની સમસ્યા હલ થઇ છે તથા પાણીની ગુણવત્તા સુધરવા સાથે જમીનમાં ક્ષારનું પ્રમાણ ઘટ્યું છે.

રાસાયણિક ખેતીમાં પાકને વધારે પિયતની જરૂર પડે છે. જયારે હાલમાં પાણીની ખપત ઓછી થઇ છે.વધુમાં હઠુભા સોઢા જણાવે છે કે, વર્તમાનમાં પ્રાકૃતિક ખેતીમાં હુ ઘઉં, કપાસ, એરંડા જેવા પાકો સાથે ઘાસચારો ઉગાડી રહ્યો છું. મારી સર્વે ખેડૂતોને અપીલ છે કે, તેઓ રાસાયણિક ખેતી ત્યજીને પ્રાકૃતિક ખેતી તરફ વળે. સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે તેનો લાભ લઇને કિસાન સ્વહિત સાથે પ્રકૃતિ તથા લોકોના હિત માટે પ્રાકૃતિક ખેતી અપનાવે તે જરૂરી છે.

### ટી.વી.મોબાઈલ યુગ આવતા નાટક જેવા લાઈવ મનોરંજન પ્રોગ્રામ ઓછા થતા જાય છે

# ભવાઈ નાટકની પ્રથા લુપ્ત થવાના આરે

આણંદપર(યક્ષ)તા.૧૮

આજના ટી.વી.મોબાઈલ યુગમાં લાઈવ મનોરંજન કાર્યક્રમો ઓછા થતા જાય છે,છતાં પણ ગામડાઓમાં આવા કાર્યક્રમો જોવા મળી રહ્યા છે. આ અંગે રમેશ ભવાયા (મારાજ) એ જણાવ્યું હતુ કે, અમારા વડવાઓ સાતસો વર્ષથી આવા નાટકો રજુ કરી લોકોને મનોરંજન પુરૂ પાડતા આવ્યા છે,હાલ પણ ચાલુ છે,જેઠ મહિનામાં અમો અમારા વતન કુણઘેર (પાટણ) થી નીકળી કચ્છ આવીએ છીએ, છેક શ્રાવણ વદ ત્રીજ પછી પાછા વતન જવા નીકળીએ છીએ અમો અઢી માસ કચ્છમાં રહી ભવાઈ ભજવીએ છીએ. કચ્છમાં જ્યાં પાટીદાર સમાજના લોકો રહે છે ત્યાં અમો ભવાઈ ભજવીએ છીએ,ગુણાતીપુર, ખેડોઈથી માંડી ઘડુલી, ધારેશી, દુર્ગાપુર,નવાવાસ એમ સવા સો થી ઉપર કચ્છમાં આવેલ કડવા પાટીદાર પટેલ સમાજના ગામોમાં લોકો રહે છે,ત્યાં જઈને નાટક ભજવી મનોરંજન પુરૂ પાડીએ છીએ હાલ મોબાઈલના વધેલા વ્યાપથી ઘરબેઠા માણવા મળતા મનોરંજનના કારણે નાટ્ય સંસ્કૃતિ સમયાંતરે લુપ્ત થવાના



આરે છે, જેના કારણે બુઝુર્ગો, આધેડ વર્ગના નાટય રસિક દર્શકોમાં ચિંતાની લાગણી વ્યાપી છે. કુંણગેર(ઉ.ગુ.)ના નાયક બ્રાહ્મણો જેમનો કચ્છના પાટીદારો સાથે ઋણાનુંબંધનનો નાતો છે, કુણગેરમાં ૨૦૦ જેટલા પરિવારોની વસ્તી ધરાવતા ભવાયા નાટક ભજવતા ગુજરાત, સૌરાષ્ટ્ર અને વિશેષ રીતે કચ્છમાં ચોમાસાના દિવસો દરમ્યાન પર્વમાળા તહેવારોના સમયમાં ગામડે ગામડે મંડળીઓ જઈ નાટક ભજવતા ઐતિહાસિક, સામાજીક, ધાર્મિક નાટકોની રજુઆતો સાથે વિશેષ હાસ્યની રજુઆત નિહાળી દર્શકોમાં રોમાંચ સર્જાતો. પાટીદાર સમાજના અનેક પરિવાર પોતાના બાળકના હાલરડાં ગવડાવતા સગા-સંબંધી હેતુ સંતોષી હાલરડામાં ઢાલ(દાન) લખાવતા જેથી ભવાયા બ્રાહ્મણોની મોટી આવક થતી હતી, ખુશીના જે તે સમયે ગામડીયામાં ગામમાં નાટક કરવા ભવાઈ મંડળી આવી ચડે અને ગામમાં આનંદ જોવા મળતો સાથે ચર્ચા વહેતી થતી કે ગામમાં ભવાયા આવ્યા છે. માં બહુચરાના ઉપાસક ઔદિચ્ય નાયક બ્રાહ્મણ ભવાયામા કડવા પાટીદાર સમાજની અતૂટ શ્રધ્ધા અને સેવાભાવથી ભવાઈ મંડળીને રહેવા,ભોજન સહિતની વ્યવસ્થા કરી આપવામાં આવતી. ભવાયાની મંડળી ગામમાં આવ્યા પછી જયાં નાટક ભજવવાનો હોય એ જગ્યા ચોક કે વથાણમાં ભૂંગળા વગાડવામાં આવે એટલે નક્કી થાય કે આજે ચોકમાં ભવાયાનું નાટક છે. વર્ષો પહેલા ભવાયાના દશ પેડા(નાટક મંડળી) ઓ હતી હાલ ઘટીને ચાર પેડા રહી છે. પહેલા નારણ મારાજ, કાલીદાસ મારાજ, હરગોવિદ મારાજ, જીવા બાપા,લાલજી મારાજ, મોરાર મારાજ,મગા મારાજ તેમજ મણીરામ મારાજના નામે ઓળખાતા હતા.આ એક પેડામાં વીસથી પચીસ ભવાયા આવતા હતા, રાત્રીના સમયે ગામમાં આવેલ ચોકમાં નાટક ભજવતા તેમજ લોકોને મનોરંજન પુરૂ પાડવા વન્સમોરનો કાર્યક્રમ રાખવામાં આવતો અને તેનો ચાર્જ લેવામાં આવતો. જેમાં લોકો મનગમતા ગીતો ગવડાવતા જે લોકોને ગીત પસંદ ના પડે તો ડબલ રૂપિયા આપીને પોતાનું મનપસંદ ગીત ગવડાવતા. લેડીઝનું પાત્ર પણ પુરૂષ લેતા હાલ આમા પણ દશથી પંદર વર્ષ થયાં થોડો બદલાવ આવ્યો છે સ્ત્રીના પાત્ર માટે અને વન્સમોરના કાર્યક્રમ માટે લેડિઝને તેડીને આવવું પડે છે અને તેમને માસીક પંદરથી વીસ હજાર પગાર આપવામાં આવે છે. પહેલા આ પેડામાં ભવાયા શિવાય કોઈ પણ નહોતું આવતું, હાલ આ પેડામાં બીજી જ્ઞાતીના લોકો પણ આવે છે, પેડામાં વિશ થી પચીસના બદલે દશથી બાર લોકોજ આવે છે, આ ભવાયામાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

રમેશભાઈ ભવાયા એ કહ્યું હતું કે આવતા વર્ષોમાં આ ભવાઈ (નાટક) બંધ થઈ જશે,આવનારી પેઢીને આવા નાટક કરવામાં રસ નથી સાથે અમારા છોકરાઓ અને પોતરાઓ આજે ભણી ગણીને આગળ વધ્યા હોવાથી નોકરીઓ કરવા લાગી ગયા છે અમો અમારો વારસો સાચવી ભવાઈ કરી રહ્યા છીએ અને લોક ફાળો ઉઘરાવીએ છીએ જે પહેલાની દ્રષ્ટિએ ઘટાડો જોવા મળી રહ્યો છે આ સમાજના ઘરે પુત્રનો જન્મ થતો એટલે ભવાયા પાસે હાલરડું ગવરાવતા ત્યારે હાલરડામાં સારી એવી આવક થતી હતી હાલની પરિસ્થિતિ જોતા આ સમાજના લોકો ધંધાર્થે બહાર વસતા હોવાથી હાલરડા ની પ્રથા ઓછી થઈ ગઈ છે,વર્ષો પહેલા અમો આ સમાજના ગામમાં ચારથી પાંચ દિવસ સુધી એકજ ગામમાં રહેતા અને હાલરડા ગાતા સાથે સમાજના લોકો તરફથી પાકુ સીધું મળતું જે આજે ઓછું થતું જાય છે,

પહેલા દશ પેડાની જગ્યાએ આજે ત્રણથી ચાર પેડા રહ્યા છે આવતા વર્ષોમાં ભવાઈનો અંત આવી જશે. જુના અને મોટી ઉંમરના છઈએ આવીએ છીએ સાથે લેડીસોને લેવી પડતા ખર્ચ પણ વધતા જાય છે.

આજે દિવસેને દિવસે મોંઘવારી વધતી જાય છે તેની સામે લોક ફાળામાં વધારો જેવો જોઈએ તેવો નથી જેથી કરીને નવી પેઢી આ ભવાઈના વ્યવસાયથી દૂર જવા માંગે છે,નોકરી તરફ પ્રયાણ કરતા આ ભવાઈનો અંત આવશે તેવું રમેશભાઈ ભવાયા તેમજ વાસુદેવ ભવાયાએ જણાવ્યું હતું. નાટકના મધ્યાનતરે વન્સમોર(ચિત્રહાર) નો કાર્યક્રમ રાખવામાં આવતો હોય છે કચ્છમાં જયારે કોરીનું ચલણ હતું ત્યારે એક કોરીમાં ગીત ગવાતું હતું ત્યાર પછી રૂપીયો અને જેમ જેમ મોંઘવારી વધતી ગઈ તેમ તેમ ભાવ વધવાથી હાલ એક ગીતના વીસ રૂપીયા છે ક્યારેક એક ગીત ચાર આકડાએ પહોંચતું હોય છે હાલ કચ્છમાં બાબુ મારાજ નારણ બાપાનું પેડુ આવે છે તેનું સંચાલન વાસુ મારાજ તેમજ રમેશ મારાજ કરે છે, બીજું પેડુ કાળીદાસ મારાજનું છે તેનું સંચાલન દિલીપ મારાજ તેમજ ભરત મારાજ કરી રહ્યા છે.

ટી.વી.પડદાથી હવે કંટાળતો વર્ગ જેવા પણ આ રીતના કાર્યક્રમ જોવા નાટય રસીક દર્શકો ઉમટી પડે છે આતો હવે પેટના નાટક છે કાલા વાલા કરીએ છીએ ચાલશે સુધી ચલાવી નાટય સંસ્કૃતિ જીવંત રાખવાના પ્રયાસો કરશું.

# FILMY ગપશપ

શાહરૂખ નો ૧૪૧૫.૬૪ કરોડની કમાણીનો રેકોર્ડ તોડી નાંખ્યો

## દિપીકા #૧: શાહરૂખને પણ કમાણીમાં પાછળ રાખી દીધો

### ‘કલ્કિ ૨૮૯૮ એડી’ તેજ ગતિએ ચાલી રહી છે અને હવે રિલીઝના ચોથા અઠવાડિયાના અંતે આ ફિલ્મ ‘જવાન’નો રેકોર્ડ તોડવા જઈ રહી છે

મુંબઈ, તા.૧૮

‘કલ્કિ ૨૮૯૮ એડી’ તેજ ગતિએ ચાલી રહી છે અને હવે રિલીઝના ચોથા અઠવાડિયાના અંતે આ ફિલ્મ ‘જવાન’નો રેકોર્ડ તોડવા જઈ રહી છે. ત્રીજા સોમવારે કલ્કિએ ભારતમાં અત્યાર સુધીની સૌથી ઓછી કમાણી કરી છે. પ્રભાસ અને દીપિકાની આ ફિલ્મે ભારતમાં ૫૮૪.૪૫ કરોડ જેટલી કમાણી કરી લીધી છે, જેમાં સોમવારે સૌથી ઓછી ૪.૩ કરોડની આવક રહી. શાહરૂખની ‘જવાન’એ ભારતમાં ૬૪૦.૨૫ કરોડની આવક કરી હતી. નોંધપાત્ર વાત છે કે, માત્ર હિન્દી બેલ્ટમાંથી જ આ ફિલ્મે ૧૯ દિવસમાં ૨૫૭.૧ કરોડની કમાણી કરી છે. જે તેલુગુ ફિલ્મના ૨૬૭.૧ કરોડના બિઝનેસથી બહુ પાછળ નથી. તેથી જવાનને પાછળ છોડવામાં હવે કલ્કિ બહુ દૂર હોય તેમ જણાતું નથી. જો એસએસ રાજામૌલિની ‘RRR’ની વાત કરવામાં આવે તો તેણે કુલ ૭૮૨.૨ કરોડની કમાણી



નોંધાવી હતી. ત્યાં સુધી પહોંચવું કલ્કિ માટે થોડું અઘરું બની શકે છે. કલ્કિને ઓડિયન્સનો સારો રિસ્પોન્સ મળવાની શક્યતા અન્ય ફિલ્મમેકર્સને દેખાઈ હતી. જેના કારણે ઓગસ્ટ મહિના પહેલાં કોઈ મોટી ફિલ્મ રિલીઝ થવાની નથી. મોટી ટક્કર ન હોવાથી કલ્કિને પડકારનો સામનો કરવાનો નથી. ૨૬ જુલાઈએ ‘ડેડપુલ’ની રિલીઝ પછી કલ્કિના કલેક્શનને અસર પહોંચી શકે છે, પણ આ હોલિવૂડ ફિલ્મ છે તે યાદ રાખવું જોઈએ.

કલ્કિ આ રીતે આગળ વધતી રહે તો વર્લ્ડવાઈડ ૧૦૦૦ કરોડની કમાણી આસાનીથી કરી લેશે તેવી ગણતરીઓ માંડવામાં આવી રહી છે. કલ્કિની સફળતા સાથે દીપિકાએ ફિલ્મને સૌથી વધુ આવક કરાવી આપતી હિરોઈન તરીકે સ્થાન મેળવ્યું છે, કોવિડ સમયગાળા બાદ સૌથી વધુ કમાણી કરનારા એક્ટર શાહરૂખને પણ દીપિકાએ પાછળ રાખી દીધો છે. ૨૦૧૮માં ‘ઝીરો’ને મળેલી પછડાટ બાદ શાહરૂખે ૨૦૨૩માં ચાર વર્ષના બ્રેક બાદ કમબૅક કર્યું હતું. તેની ‘પઠાણ’એ ૫૪૩.૨૨ કરોડની આવક કરી હતી જ્યારે ‘જવાન’ તેનાથી પણ વધુ સારી ચાલી અને ૬૪૦.૪૨ કરોડની કમાણી કરી હતી. વર્ષ ૨૦૨૩ના અંતે તેની ‘ડંકી’ આવી જે ૨૩૨ કરોડમાં સમેટાઈ હતી. આમ કોવિડ પછી એક જ વર્ષમાં શાહરૂખ એકલો ૧૦૦૦ કરોડની કમાણી કરનારો એક્ટર બની ગયો હતો. જ્યારે કોવિડ પછી દીપિકાની ચાર ફિલ્મો રિલીઝ થઈ છે. જેમાં ‘૮૩’, ‘પઠાણ’, ‘ફાઈટર’, ‘જવાન’માં કેમિયો અને હવે ‘કલ્કિ ૨૮૯૮ એડી’નો સમાવેશ થાય છે. ‘૮૩’ ભલે નિષ્ફળ રહી પરંતુ તેને ૧૦૨ કરોડની આવક થઈ હતી. ‘પઠાણ’ બ્લોક બસ્ટર હતી, તેને ૫૪૩.૨૨ કરોડની કમાણી કરી હતી. ફાઈટર પણ ખાસ ચાલી નહોતી, પરંતુ તેણે ૨૧૫ કરોડની આવક મેળવી હતી. જ્યારે ‘કલ્કિ’ ૫૭૨ કરોડ જેટલી કમાણી પછી પણ સફળતાપૂર્વક ચાલી રહી છે. આમ કોવિડ પછીની દીપિકાની ફિલ્મોની કમાણી લગભગ ૧૪૩૨.૧૭ કરોડે પહોંચે છે. આમ તેણે શાહરૂખ ને પાછળ રાખી દીધો છે.



ભોજપુરી અભિનેત્રી મોનાલિસા ઘણીવાર સોશિયલ મીડિયા પર આગ લગાવે છે. આ દરમિયાન મોનાલિસાએ તેની કેટલીક તસવીરો શેર કરી છે, જેને જોઈને દરેક વ્યક્તિ ઘાયલ થઈ ગયા છે. આ દરમિયાન મોનાલિસાની કેટલીક તસવીરો સામે આવી છે.



ટીવી એક્ટ્રેસ નિકિતા શર્મા તાજેતરમાં ઈન્સ્ટાગ્રામ પર કેટલીક બોલ્ડ તસવીરો શેર કરી છે જેણે સોશિયલ મીડિયા પર તાપમાન વધારી દીધું છે.તેણે લાઈટ મેક-અપ સાથે તેના વાળને ખાસ સ્ટાઈલમાં સ્ટાઈલ કર્યા છેએક્ટ્રેસની આ કિલર તસવીરો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે.

## સુહાનાની ડેબ્યુ ફિલ્મમાં શાહરૂખને ટક્કર આપશે અભિષેક બચ્ચન

મુંબઈ, તા.૧૮

બે સુપર સ્ટાર શાહરૂખ ખાન અને અભિષેક બચ્ચન ઘણા સમય પછી ફરી એક વખત એક સાથે જોવા મળશે. તેઓ સુહાના ખાનની ડેબ્યુ ફિલ્મ ‘કિંગ’માં સાથે કામ કરવા જઈ રહ્યાં છે. ‘પઠાણ’ અને ‘જવાન’ની સફળતા બાદ શાહરૂખ ફરી એક મોટા પ્રોજેક્ટ માટે તૈયારી કરી રહ્યા છે. તેને ‘કહાની’ જેવી ફિલ્મોના જાણીતા ડિરેક્ટર સુજોય ઘોષ દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે તેમજ સિદ્ધાર્થ આનંદ દ્વારા તેને પ્રોડ્યુસ કરવામાં આવશે. આ એક મોટા પડદે જોવાનો અનોખો અનુભવ આપતી એક્શન સીક્વન્સથી ભરપૂર હશે.કેટલાક અહેવાલો અનુસાર, શાહરૂખ ખાનની સામે અભિષેક બચ્ચનને વિલન તરીકે કાસ્ટ કરવામાં આવ્યો છે. જો કે, તેના પાત્ર વિશે કોઈ ખાસ માહિતિ જાહેર કરવામાં આવી નથી.તે એક સોફિસ્ટિકેટેડ છતાં વિલન હશે,અભિષેકે સામાન્ય રીતે જે પ્રકારના પાત્રો ભજવ્યા છે, તેનાથી ઘણું અલગ હશે. આ



બિલકુલ નકારાત્મક વિલનના રોલમાં અભિષેકને જોવામાં દર્શકોને તેના અભિનયના નવાં પાસાં અને તાજગીનો અનુભવ થશે. આ ઉપરાંત આ ફિલ્મથી શાહરૂખની દિકરી સુહાના પણ મોટા પડદે ડેબ્યુ કરશે. તેના પાત્ર વિશે પણ ખાસ માહિતિ જાહેર કરવામાં આવી નથી પરંતુ તે તેના પિતા સાથે એક મહત્વની ભુમિકામાં જોવા મળશે. એવું પહેલી વખત બનશે કે શાહરૂખ અને અભિષેક એકબીજાની વિરુદ્ધના પાત્રોમાં જોવા મળશે.

સામંથાએ ડિવોર્સ પછી જીવનમાં આવેલા પરિવર્તનની વાત કરી

## ‘હાલના સમયમાં સમગ્ર વિશ્વને આધ્યાત્મિકતાની સૌથી વધુ જરૂર’

મુંબઈ, તા.૧૮

સામંથા રુથ પ્રભુએ નાગ ચૈતન્યથી અલગ થવાનું નક્કી કર્યું ત્યારથી તેનો કપરો સમય ચાલી રહ્યો છે. ડિવોર્સ બાદ માનસિક રીતે તો તે વ્યથિત રહે જ છે, સાથે તેને શારીરિક તકલીફોનો પણ સામનો કરવો પડી રહ્યો છે. સામંથાને માયોસિટીસનું નિદાન થયું હતું, જે એક ઓટોઈમ્યુન સ્થિતિ છે. તેના માટે હાલ સામંથાની સારવાર ચાલી રહી છે. બીમારી અને પીડામાંથી બહાર આવવા માટે સમગ્ર વિશ્વને આધ્યાત્મિકતાની જરૂર હોવાનું સામંથા માને છે. સામંથાએ થોડા સમયથી હેલ્થ પોડકાસ્ટની શરૂઆત કરી છે. તેની તબિયતના કારણે સામંથા વધુ આધ્યાત્મિક બની રહી હોવાનું તેણે જણાવ્યું હતું.

સામંથાએ તેનાં જીવનના આ અનુભવો વિશે વાત કરી હતી. “આપણે બધાં જ ઈચ્છીએ છીએ કે આપણે આપણા જીવનની અમુક બાબતો બદલી શકીએ, ક્યારેક



હું એવું વિચારુ છું કે, જીવનમાં હું જે પરિસ્થિતિનો સામનો કરી રહી છું, તે ખરેખર જરૂરી હતું કે નહીં. પરંતુ જો હું જીવનમાં પાછી વળીને જોઉં છું તો લાગે છે કે મારું જીવન આથી અલગ જ હોઈ જ ન શકે.” આધ્યાત્મિકતા બાબતે સામંથાએ કહ્યું,“હું થોડા વખત પહેલાં મારા મિત્ર સાથે આ અંગે ચર્ચા કરતી હતી અને હું હંમેશા વિચારું છું કે મારા જીવનના ત્રણ વર્ષ મારે જોઈતા નથી. પરંતુ હવે મને લાગે છે કે જીવન તમને જે પણ પડકારો આપે તેનો સામનો તમારે કરવો જ પડે છે. અને તમે જેવા તે સ્થિતિમાંથી બહાર આવો કે તમે જીતી જાઓ છો. હાલ હું મારી જાતને પહેલાં ક્યારેય નહોતી તેટલી મજબૂત અને વિનમ્ર અનુભવું છું. કારણ કે અહીં સુધી પહોંચવા માટે હું જીવનની આગમાં તપી છું. તેને આધ્યાત્મિક જાગૃતિ કહી શકો છો.” આજના સમયમાં આધ્યાત્મિકતાની જરૂરિયાત વિશે સામંથાએ જણાવ્યું, “આજના વિશ્વમાં આધ્યાત્મિકતાની સૌથી વધુ જરૂરિયાત છે કારણ કે હાલ બહુ જ પીડા અને બીમારીઓ છે. મને લાગે છે કે આધ્યાત્મિકતા તમારો શ્રેષ્ઠ મિત્ર અને શક્તિનો એક અખૂટ સ્રોત બની શકે છે.” સામંથાએ વરુણ ધવન સાથે ‘સિટેડાલ’ કર્યા બાદ એક બ્રેક લઈ લીધો છે. આ સિરીઝનું ભારતનું વર્ઝન ‘સિટાડેલ –હની બની’ કહેવાય છે. જેમાં સામંથા અને વરુણ હાર્ડકોર એક્શન સીનમાં જોવા મળશે.



ફિલ્મ ‘ટીકુ વેડ્સ શેરુ’થી બોલિવૂડમાં એન્ટ્રી કરનાર એક્ટ્રેસ અવનીત કૌર સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. અવનીત કૌરના ફોટા આવતા જ સોશિયલ મીડિયા પર પોપ્યુલર થઈ જાય છે.આ દરમિયાન અવનીત કૌરે તેના નવા ફોટા શેર કર્યા છે.



એક્ટ્રેસ તૃપ્તિ ડિમરી ડીપનેક આઉટફિટમાં અભિનેત્રી ખૂબ જ આકર્ષક લાગી રહી છે. ડાર્ક રેડ લિપસ્ટિક તેના લુકને પૂર્ણ કરી રહી છે. બ્રાલેટ બ્લાઉઝ સાથે મેચિંગ સફેદ રંગની સાડી પહેરીને અભિનેત્રી ખૂબ જ સુંદર લાગી રહી હતી.

## વિકી કૌશલનો મોટો ખુલાસો : મારા પિતા આત્મહત્યા કરવા માંગતા હતા?

મુંબઈ, તા.૧૮

વિકી કૌશલ આ દિવસોમાં તેની ફિલ્મ ‘બેડ ન્યૂઝ’ને લઈને ચર્ચામાં છે. ફિલ્મના પ્રમોશન દરમિયાન, વિકી કૌશલે તેના અંગત જીવન વિશે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. હવે અભિનેતાએ તેના પિતા વિશે ચોંકાવનારું સત્ય જણાવ્યું છે.વિકી કૌશલે તેના પિતાના સંઘર્ષના દિવસો યાદ કર્યા. પ્રખ્યાત એક્શન ડાયરેક્ટર બનતા પહેલા શામ કૌશલે પોતાના જીવનમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કર્યો છે. વિકીએ ખુલાસો કર્યો હતો કે તેના પિતાએ આત્મહત્યા કરવાનો પણ વિચાર કર્યો હતો. જ્યારે તે પોતાના ગામમાં હતો ત્યારે તેને પોતાનો જીવ લેવાનું વિચાર્યું, ત્યારબાદ અભિનેતાના દાદાએ તેને મુંબઈ મોકલી દીધો. વિકીએ જણાવ્યું કે તેના માતા-પિતા તેની ૯ થી ૫ નોકરીથી ખૂબ ખુશ હતા.ખરેખર, અભિનેતાના દાદાની પંજાબમાં એક નાની કરિયાણાની દુકાન હતી.

વિકીના પિતા ૧૯૭૮માં મુંબઈ આવ્યા અને અહીં આવ્યા પછી તેમને અંગ્રેજી સાહિત્યમાં એમએ કર્યું. ભણવા છતાં તે બેરોજગાર હતો. અભિનેતાએ ખુલાસો કર્યો કે મિત્રો સાથે દારૂ પીધા બાદ એક દિવસ તેના પિતા શામ કૌશલે કહ્યું હતું કે તે મરવા માંગે છે. આ સાંભળીને જ તેના પિતા ડરી ગયા અને તંગ આવી ગયા. આ પછી, અભિનેતાના દાદાએ તેના પિતાને એક મિત્ર સાથે મુંબઈ મોકલ્યા.મુંબઈ આવ્યા પછી શામ પણ સફાઈ કામદાર તરીકે કામ કરવા તૈયાર થઈ ગયો.

# SPORTS કોર્નર

## ઓલિમ્પિક્સમાં પ્રથમ વખત ૭૨ ભારતીય ખેલાડીઓ રમશે, ૧૪ વર્ષની સૌથી નાની ખેલાડી

પેરિસ ઓલિમ્પિક્સ ૨૦૨૪ ૨૬ ઓગસ્ટથી શરૂ થઈ રહી છે. સમગ્ર વિશ્વની નજર આના પર ટકેલી છે. ઓલિમ્પિકમાં સારું પ્રદર્શન કરવાનું દરેક ખેલાડીનું સપનું હોય છે. દરેક દેશના શ્રેષ્ઠ ખેલાડીઓ ઓલિમ્પિકમાં ભાગ લે છે. ભારતીય રમત મંત્રાલયે પેરિસ ઓલિમ્પિક માટે ૧૧૭ ખેલાડીઓને મંજૂરી આપી છે. આ વખતે ભારતના મેડલની સંખ્યા ડબલ ડિજિટ સુધી પહોંચવાની આશા છે.

સુત્રોના જણાવ્યા અનુસાર, ભારતના લગભગ ૭૨ એથ્લેટ પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ઓલિમ્પિકમાં પ્રવેશ કરશે અને પ્રથમ વખત ઓલિમ્પિકમાં ભાગ લેવા જઈ રહ્યા છે. પ્રથમ વખત ઓલિમ્પિકમાં ભાગ લેનારાઓમાં બે વખતની બોક્સિંગ ચેમ્પિયન નિખત ઝરીન, જુનિયર વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયન અનંત પંઘાલ અને રિતિકા હુડા, જ્યોતિ યારાજી અને સનસનાટીભર્યા ભાલા ફેંકનાર કિશોર કુમાર જેનાનો





સમાવેશ થાય છે. ભારતને કિશોર કુમાર જેના પાસેથી મેડલની આશા છે.

૧૪ વર્ષની ધિનિધિ દેશિંગુ પેરિસ ઓલિમ્પિકમાં ભાગ લેનારી સૌથી યુવા ભારતીય ખેલાડી હશે. તેણી ૨૦૦ મીટર ફ્રી સ્ટાઈલ સ્વિમિંગ ઈવેન્ટમાં ભાગ લેવાની છે. ઓલિમ્પિકના ઈતિહાસમાં તે ભારતની બીજી સૌથી યુવા ખેલાડી છે. સૌથી યુવા ભારતીય ખેલાડી તરીકે ઓલિમ્પિકમાં ભાગ લેવાનો રેકોર્ડ આરતી સાહાના નામે છે. તેમણે ૧૧ વર્ષની ઉંમરે ૧૯૫૨માં ભાગ લીધો હતો.

ટોક્યો ઓલિમ્પિક ૨૦૨૦માં ભારતે કુલ ૭ મેડલ જીત્યા હતા, જેમાં નીરજ ચોપરાનો ગોલ્ડ મેડલ પણ સામેલ હતો. ત્યારબાદ ભારતે ઓલિમ્પિકમાં તેની સૌથી મોટી ટુકડી મોકલી. આ વખતે પણ ભારતને કુસ્તી, બેડમિન્ટન, ભાલા ફેંક, શૂટિંગ અને હોકીમાં મેડલની આશા છે. ઓલિમ્પિકના ઈતિહાસમાં અત્યાર સુધીમાં ભારતે કુલ ૧૦ ગોલ્ડ મેડલ જીત્યા છે, જેમાંથી ૮ એકલા હોકીમાંથી આવ્યા છે. વ્યક્તિગત ઈવેન્ટમાં અભિનવ બિન્દ્રાએ શૂટિંગમાં ગોલ્ડ મેડલ અને નીરજ ચોપરાએ ભાલા ફેંકમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

## ચીફ સિલેક્ટર સૂર્યકુમાર યાદવને કેપ્ટન શિપ સોંપવા પર વિચાર કરી રહ્યા છે

મુંબઈ, તા.૧૮

ઋતુરાજ ગાયકવાડ આ પહેલા પણ ટીમ ઈન્ડિયાની કેપ્ટનશીપ કરી ચૂક્યો છે. ગયા વર્ષે એશિયન ગેમ્સ દરમિયાન તે ટીમનો કેપ્ટન હતો. તેમના નેતૃત્વમાં ભારતે ગોલ્ડ મેડલ જીત્યો હતો. હાલમાં તે IPLની સૌથી સફળ ટીમોમાંની એક ચેન્નાઈ સુપર કિંગ્સનું સુકાની છે. મહેન્દ્ર સિંહ ધોનીએ તેને પોતાના અનુગામી તરીકે પસંદ કર્યો છે. આવી સ્થિતિમાં ઋતુરાજનો હાથ ઉપર રહેશે. IPLમાં લાંબા સમયથી રાજસ્થાન રોયલ્સની કેપ્ટનશીપ કરી રહેલા સંજુ સેમસન આ પદ માટે મોટા દાવેદાર છે. તેની કપ્તાનીમાં રાજસ્થાનની ટીમ ૨૦૨૨માં ફાઈનલમાં પહોંચી હતી. સેમસન પાસે કેપ્ટનશિપનો ઘણો અનુભવ છે. આનો ફાયદો ટીમને મળી શકે છે.

ટેસ્ટમાં ભારતની કમાન સંભાળી ચૂકેલા અનુભવી બોલર જસપ્રિત બુમરાહે ટી૨૦માં પણ કમાન સંભાળી છે. ગયા વર્ષે આયર્લેન્ડ પ્રવાસમાં તે ટીમનો કેપ્ટન હતો. ટીમ ઈન્ડિયામાં બુમરાહનું ખૂબ સન્માન છે અને તમામ ખેલાડીઓ તેને પસંદ કરે છે. તેનો અનુભવ ટીમ માટે ઉપયોગી થઈ શકે છે. દિલ્હી કેપિટલ્સની કેપ્ટનશીપ કરી





રહેલા ઋષભ પંતને આંતર રાષ્ટ્રીય મેચોમાં પણ કમાન્ડિંગ કરવાનો અનુભવ છે. તેણે ટી-૨૦માં ભારતની કમાન સંભાળી છે. કાર અકસ્માત પહેલા પંતને ભારતનો આગામી કેપ્ટન માનવામાં આવતો હતો, પરંતુ એક વર્ષમાં ઘણું બદલાઈ ગયું. તેણે આ વર્ષે IPLમાં પુનરાગમન કર્યું હતું અને T20 વર્લ્ડ કપમાં પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેઓ ફરીથી નેતૃત્વ જૂથમાં જોડાવા માટે સંમત થયા છે. તાજેતરમાં ઝિમ્બાબ્વે શ્રેણીમાં ભારતની કમાન સંભાળનાર શુભમન ગિલ પણ વાઈસ કેપ્ટન પદની રેસમાં છે. તેની કેપ્ટનશિપમાં ટીમ ઈન્ડિયાએ ૫માંથી ૪ ટી૨૦ મેચ જીતી છે. ગિલ IPLમાં ગુજરાત ટાઈટન્સનો કેપ્ટન છે.

## શું ટીમ ઈન્ડિયા આ દેશમાં રમશે તમામ મેચ? ચેમ્પિયન્સ ટ્રોફી પર ચોંકાવનારો રિપોર્ટ

:ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમને પાકિસ્તાન મોકલવા અંગે બીસીસીઆઈ કે ભારત સરકારે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલએ થોડા અઠવાડિયા પહેલા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા મોકલવામાં આવેલા ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ના શિડ્યૂલને લીલી ઝંડી આપી દીધી હતી. પાકિસ્તાન આવતા વર્ષે ચેમ્પિયન્સ ટ્રોફીની યજમાની કરશે, પરંતુ ભારત સરકારે ટીમ ઈન્ડિયાને સરહદ પાર મોકલવા અંગે હજુ સુધી પોતાનું વલણ સ્પષ્ટ કર્યું નથી. પરંતુ હવે એક મીડિયા રિપોર્ટમાં સામે આવ્યું છે કે જો ટીમ ઈન્ડિયા પાકિસ્તાન નહીં જાય તો તેની મેચો શ્રીલંકામાં રમાઈ શકે છે. ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમને પાકિસ્તાન મોકલવા અંગે BCCI કે ભારત સરકારે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી. પરંતુ આ વર્ષે મે મહિનામાં બીબીસીઆઈના ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ કહ્યું હતું કે ટીમ પાકિસ્તાન જવાનો નિર્ણય માત્ર ભારત સરકારના હાથમાં છે. દરમિયાન એવા સમાચાર છે કે જો ભારત પાકિસ્તાન ન





જવાનો નિર્ણય કરશે તો તેની ચેમ્પિયન્સ ટ્રોફીની મેચો શ્રીલંકામાં યોજાશે.

### ભારતની મેચો ક્યાં યોજાશે?

ICC શિડ્યૂલ અનુસાર, ભારતને ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ના ગ્રુપ Aમાં સામેલ કરવામાં આવ્યું છે, જેમાં યજમાન પાકિસ્તાન, ન્યૂઝીલેન્ડ અને બાંગ્લાદેશ પણ સામેલ છે. તે શિડ્યૂલ અનુસાર ટીમ ઈન્ડિયાની તમામ મેચ લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં રમાવાની છે.

### પાકિસ્તાન જવાને લઈને અગાઉ પણ વિવાદ થયો હતો

આ પહેલા પાકિસ્તાને ૨૦૨૩ એશિયા કપની પણ યજમાની કરી હતી, પરંતુ ટીમ ઈન્ડિયાએ સરહદ પાર કરવાનો ઈન્કાર કરી દીધો હતો. આવી સ્થિતિમાં ICCએ હાઈબ્રિડ મોડલ રજૂ કર્યું હતું જેના હેઠળ ભારતીય ટીમની તમામ મેચો શ્રીલંકામાં યોજાઈ હતી. આ કારણોસર પાકિસ્તાનને એશિયા કપ ૨૦૨૩ની સેમિફાઈનલ અને ફાઈનલ મેચોની યજમાની ગુમાવવી પડી હતી. ધ એક્સપ્રેસ ટ્રિબ્યુન મુજબ આઈસીસીએ બીસીસીઆઈ સાથે ચેમ્પિયન્સ ટ્રોફી અંગે ચર્ચા કરી હતી. પરંતુ બીસીસીઆઈએ ટીમ ઈન્ડિયાને પાકિસ્તાન મોકલવાની ના પાડી દીધી હતી. ચેમ્પિયન્સ ટ્રોફીની મેચો કરાચી અને દુબઈમાં વધુ રમાઈ શકે છે. તેમાં કેટલીક મેચો લાહોર અને રાવલપિંડીમાં પણ યોજાઈ શકે છે.

## આત્મનિર્ભર ભારત

# વિશ્વની પાંચ સૌથી મોટી કોલસાની ખાણોમાંથી બે હવે ભારતમાં

તા. ૧૮
નવી દિલ્હી,

છત્તીસગઢ સ્થિત કોલ ઈન્ડિયાની પેટાકંપની સાઉથ ઈસ્ટર્ન કોલફિલ્ડ્સ લિમિટેડ (એસઈસીએલ) ગેવરા અને કુસુન્દા કોલસા ખાણોએ WorldAtlas.com દ્વારા બહાર પાડવામાં આવેલી વિશ્વની ૧૦ સૌથી મોટી કોલસા ખાણોની યાદીમાં બીજું અને ચોથું સ્થાન મેળવ્યું છે. છત્તિસગઢ રાજ્યના કોરબા જિલ્લામાં આવેલી આ બે ખાણોમાં દર વર્ષે ૧૦૦ મિલિયન ટન કોલસાનું ઉત્પાદન થાય છે, જે ભારતના કુલ કોલસાના ઉત્પાદનમાં ૧૦ ટકા હિસ્સો ધરાવે છે.

ગેવરા ઓપનકાસ્ટ ખાણની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ૭૦ મિલિયન ટન છે અને નાણાકીય વર્ષ ૨૩-૨૪માં તેણે ૫૯ મિલિયન ટન કોલસાનું ઉત્પાદન કર્યું હતું. આ ખાણે વર્ષ ૧૯૮૧માં કામગીરી શરૂ કરી હતી અને આગામી ૧૦ વર્ષ માટે દેશની ઉર્જા આવશ્યકતાઓને પહોંચી વળવા માટે તેની પાસે પૂરતા કોલસાના ભંડાર છે. કુસ્મુંડા ઓસી ખાણે નાણાકીય વર્ષ ૨૩-૨૪માં ૫૦ મિલિયન ટનથી વધુ કોલસાનું ઉત્પાદન કર્યું હતું, જે આ સિદ્ધિ મેળવનાર ગેવરા પછી ભારતની માત્ર બીજી ખાણ હતી. આ ખાણોએ "સરફેસ માઈનર" જેવા વિશ્વના કેટલાક સૌથી મોટા અને સૌથી અદ્યતન ખાણકામ મશીનો તૈનાત કર્યા છે, જે ઈકો-ફ્રેન્ડલી ખાણકામ કામગીરી માટે વિસ્ફોટ કર્યા વિના કોલસાને બહાર કાઢે છે અને કાપી નાખે છે.

ઓવરબર્ડન દૂર કરવા (કોલસાની સીમને ઉજાગર કરવા માટે માટી, પથ્થર વગેરેના સ્તરો દૂર કરવાની પ્રક્રિયા), ખાણોમાં વિશ્વની કેટલીક સૌથી મોટી એચઈએમ (હેવી અર્થ મૂવિંગ મશીનરી) જેમ કે ૨૪૦ ટનના ડમ્પર, ૪૨ ક્યુબિક મીટર પાવડો અને વર્ટિકલ રિપર્સ સાથે પર્યાવરણને અનુકૂળ અને બ્લાસ્ટ-ફ્રી ઓબી દૂર કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે. ગેવરા ખાતે એફએમસી (ફર્સ્ટ માઈલ કનેક્ટિવિટી) હેઠળ રેપિડ લોડિંગ સિસ્ટમ (આરએલએસ) અને સાઈલોનું એરિયલ વ્યૂ.

આ પ્રસંગે એસઈસીએલના સીએમડી ડો.પ્રેમ સાગર મિશ્રાએ જણાવ્યું હતું કે, છત્તીસગઢ રાજ્ય માટે આ ખરેખર ગર્વની ક્ષણ છે કે વિશ્વની પાંચ સૌથી મોટી કોલસાની ખાણોમાંથી બે ખાણો હવે રાજ્યમાં છે. શ્રી મિશ્રાએ કોલસા મંત્રાલય, એમઓઈએફસીસી, રાજ્ય સરકાર, કોલ ઈન્ડિયા, રેલવે, વિવિધ હિતધારકો અને સૌથી મહત્ત્વ પૂર્ણ કોલસા યોદ્ધાઓ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.

# અંબાજી બન્યું ગંદકીનું હબ રોગચાળો ફાટે તેવી સ્થિતિ



બનાસકાંઠા, તા.૧૮

હાલના તબક્કે જે રીતે ચાંદીપુરા નામના વાયરસે પ્રજામાં પગ પેસારો કર્યો છે જેને લઈ બાળકોના મોત પણ નીપજી રહ્યા છે. યાત્રાધામ અંબાજી પંથકમાં થોડાક જ વરસાદ બાદ ઠેક ઠેકાણે દુર્ગંધ મારતી ગંદકીનો ખડકલો જોવા મળી રહ્યો છે. રાહદારીઓ પણ આવી ગંદકીમાંથી પસાર થવા મજબુર બન્યા છે. પરિણામે કોઈને કોઈ રોગચાળાનો ભોગ પણ બનતા હોય છે. હાલ તબક્કે જે રીતનો વરસાદ પડ્યો હતો તેને લઈ અનેક જગ્યાઓએ ગંદા પાણીના ખાબોચિયા જોવા મળી રહ્યા છે. આ પાણીના ખાબોચિયામાં મચ્છરોનો ઉપદ્રવ સ્પષ્ટ પણે જોઈ શકાય છે. જે મચ્છરો અનેક રોગોને નિમંત્રિત કરી શકે છે.

અંબાજીમાં વરસાદ બાદ જે રીતે અનેક સ્થળોએ ગંદકીના ઢગ જોવા મળે છે તેની સામે દવા છાટવાની કે પછી ગંદકી ઉપાડવાની કામગીરીમાં શૂન્યવકાશ જોવા મળી રહ્યો છે. જો આજ રીતે પરિસ્થિતિ રહેશે તો જે રીતે ગુજરાતમાં ચાંદીપુરા રોગે પગ પેસારો કર્યો છે તેવા અન્ય રોગચાળો પણ ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે. અંબાજી તેમજ આસપાસની ગંદકી દૂર કરવા અંબાજી વિકાસ સતા મંડળને યાત્રાધામ વિકાસ બોર્ડ વર્ષે નવ કરોડ જેટલી માતબર રકમની ચુકવણી કરાતા હોવાનું ભારે ચર્ચાસ્પદ બન્યું છે. જે એક તરફ નવ કરોડ જેવી માતબર રકમને બીજી તરફ ઉડીને આંખે વળગે તેવી બે સુમાર ગંદકી જોતા નવકરોડનું સ્થાન ક્યાં હશે તે મોટો પ્રશ્ન છે.

## : તસવીરી સમાચાર :



બાબા વેંગાની આગાહી અનુસાર, વર્ષ ૨૦૨૫માં એક પ્રલયની ઘટના બનશે. આ માનવતાના પતનનો પ્રારંભ કરશે. યુરોપમાં ૨૦૨૫માં જ આપત્તિજનક સંઘર્ષ શરૂ થશે. આનાથી મોટા પાયે ભારે વિનાશ થશે અને યુરોપની મોટી વસ્તી ખરાબ રીતે પ્રભાવિત થશે.



અમેરિકામાં અલ્કૉર લાઈફ એક્સટેન્શન ફાઉન્ડેશન નામની ક્રાયૉનિક્સ કંપની મૃતદેહોને ભવિષ્ય માટે સાચવી રહી છે. આ કંપનીની વાત કરીએ તો હાલમાં તેમાં ૧૪૦૦ લોકો કામ કરી રહ્યા છે, જ્યારે અત્યાર સુધી આ કંપનીએ એકલા અમેરિકામાં ૨૩૦ મૃતદેહોને સાચવી રાખ્યા છે. જ્યારે આખી દુનિયાની વાત કરીએ તો આ કંપનીએ ૫૦૦ જેટલા મૃતદેહોને ભવિષ્ય માટે સાચવી રાખ્યા છે.



ચીનમાં બુધવારે (૧૭ જુલાઈ) એક મોટી દુર્ઘટના ઘટી. ચીનના દક્ષિણ-પશ્ચિમ શહેર ઝિગોંગના એક શોપિંગ મોલમાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં ૧૬ લોકોના મોત થયા હતા. ચીનના સરકારી મીડિયા અનુસાર સિચુઆન પ્રાંતના ઝિગોંગ શહેરમાં ૧૪ માળની ઈમારતમાં આગ લાગી હતી. જેના કારણે અનેક લોકો બિલ્ડીંગની અંદર ફસાઈ ગયા હતા. આ ઘટનાનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં ઈમારતમાંથી કાળો ધુમાડો નીકળતો સ્પષ્ટ જોઈ શકાય છે.

## રૂ. ૧૩૦૦ કરોડના કૌભાંડના કેસમાં કોંગ્રેસના ધારાસભ્યના ઘરે ઈડીના દરોડા

નવીદિલ્હી,તા.૧૮

ઈડીએ બેક્ક છેતરપિંડી મામલે હરિયાણામાં કોંગ્રેસ વિધાનસભ્ય અને અન્યોનાં સ્થાનો પર દરોડા પાડ્યા છે. આશરે રૂ. ૧૩૯૨ કરોડના બેક્ક કૌભાંડ થી જોડાયેલા મામલે દિલ્હી, ઝારખંડ, હરિયાણાનાં કુલ ૧૫ સ્થળો પર સર્ચ ઓપરેશન કર્યું છે. આ સર્ચ ઓપરેશન દરમ્યાન હરિયાણાથી કોંગ્રેસ વિધાનસભ્ય રાવ દાન સિંહના ઘરે પણ સર્ચ ઓપરેશનની કાર્યવાહી કરાઈ છે. આ સર્ચ ઓપરેશન દરમ્યાન કેટલાક મહત્ત્વના પુરાવા અને દસ્તવેજ મળ્યા છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

કેન્દ્રીય એજન્સીના અધિકારીઓએ હરિયાણાના મહેન્દ્રગઢ, બહાદુરગઢ અને ગુરુગ્રામ તથા દિલ્હી અને જમશેદપુર સહિત આશરે ૧૫ સ્થાનો પર તપાસ કરી હતી. જે લોકોની સ્થાનો પર તપાસ કરવામાં આવી હતી, એમાં મહેન્દ્રગઢ વિસ્તારના ૬૫ વર્ષીય વિધાનસભ્ય સિંહ, તેમનો પુત્ર અક્ષત સિંહ, એલાઈડ સ્ટ્રિપ્સ લિ. કંપની તેના તેના પ્રમોટર મોહિન્દર અગ્રવાલ, ગૌરવ અગ્રવાલ અને અન્ય લોકો સામેલ છે. એએસએલ સ્ટીલ ઉત્પાદક કંપની છે.

# કમલા હેરિસ બની શકે છે અમેરિકાના રાષ્ટ્રપતિ : જો બિડેન



અમેરિકા, તા.૧૮

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બિડેને નેશનલ એસોસિએશન ફોર ધ એડવાન્સમેન્ટ ઓફ કલર્ડ પીપલના વાર્ષિક સંમેલનને સંબોધિત કરતા કહ્યું કે ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ અમેરિકાના રાષ્ટ્રપતિ બની શકે છે. ૫ નવેમ્બરે યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા તેમની તબિયતને કારણે રાષ્ટ્રપતિ પદની રેસમાંથી બહાર નીકળવાની ડેમોક્રેટ્સની વધતી માંગ વચ્ચે બિડેનની ટિપ્પણીઓ આવી છે.૫૯ વર્ષીય કમલા હેરિસ વિશે બોલતા, બિડેને તેમના સંબોધનમાં કહ્યું કે તે માત્ર એક મહાન ઉપરાષ્ટ્રપતિ નથી, તે યુનાઈટેડ સ્ટેટ્સની રાષ્ટ્રપતિ પણ બની શકે છે. તેણીએ સંકેત આપ્યો છે કે જો તે પ્રમુખપદની રેસમાંથી બહાર નીકળી જશે, તો તે તેની જગ્યાએ લેવા માટે યોગ્ય ઉમેદવાર હશે. જો કે, બિડેને ભીડને કહ્યું કે તેઓ તેમના બીજા કાર્યકાળના પ્રથમ ૧૦૦ દિવસની યોજનાઓ બનાવી ચૂક્યા છે.એનએએસીપીના વાર્ષિક સંમેલનમાં તેમના ભાષણ દરમિયાન, તેમણે લોકોને ખાતરી આપી હતી કે તેમણે તેમના બીજા કાર્યકાળના પ્રથમ ૧૦૦ દિવસ માટે પહેલેથી જ યોજનાઓ બનાવી લીધી છે, જેમાં મુખ્ય એક મતદાન-અધિકાર કાયદો છે.તેમના ભાષણ દરમિયાન બિડેને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પણ ટીકા કરી હતી. તેણે કહ્યું કે ડોનાલ્ડ ટ્રમ્પનું પ્રમુખપદ અશ્વેત અમેરિકનો માટે નરક હતું." જ્યોર્જ ફ્લોયડની હત્યા બાદ ૨૦૨૦ના રમખાણો અંગે નેશનલ ગાર્ડના પ્રતિભાવનો ઉલ્લેખ કરીને, તેણે પૂછ્યું, "આ માણસનો કેસ શું છે?"બિડેને બ્લેક જોબ્સ વધારવા પર ટ્રમ્પના ધ્યાનની મજાક ઉડાવી. તેમણે પોતાના સંબોધનમાં કહ્યું કે તેમના બેરોજગારી રેકોર્ડ અંગે તેમના પર લગાવવામાં આવેલા આરોપો ખોટા છે. બિડેને કહ્યું, "મને આ શબ્દસમૂહ 'બ્લેક જોબ્સ' ગમે છે, તે વ્યક્તિ અને તેના પાત્ર વિશે ઘણું બધું કહે છે." તેણે કહ્યું, "મિત્રો, હું જાણું છું કે કાળું કામ શું છે.રાષ્ટ્રપતિએ બરાક ઓબામાના જન્મ સ્થળ અંગે સવાલ ઉઠાવવા બદલ ટ્રમ્પની નિંદા કરી હતી અને કહ્યું હતું કે તેઓ અમેરિકામાં જન્મ્યા નથી અને અમેરિકન નાગરિક નથી. બિડેને ચેતવણી આપી હતી કે રિપબ્લિકન "એનએએસીપી જે કંઈ છે તેનો નાશ કરશે."તે જ સમયે, પ્રથમ રાષ્ટ્રપતિની ચર્ચામાં બિડેનના નબળા પ્રદર્શને ડેમોક્રેટિક પાર્ટીમાં બીજી ટર્મ માટે તેની ફિટનેસ વિશે ચિંતાઓ ઊભી કરી છે. બિડેનને રાજીનામું આપવાની કોલ્સ વધી રહી છે, ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ તેમને બદલવાની ટોચની પસંદગી તરીકે ઉભરી આવ્યા છે. જો કમલા હેરિસ બિડેનનું સ્થાન લે છે અને પ્રમુખપદની ચૂંટણી જીતે છે, તો તે ઈતિહાસની પ્રથમ અશ્વેત મહિલા હશે જે અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવશે.ભારતીય-અમેરિકન કમલા હેરિસને ડોનાલ્ડ ટ્રમ્પ સામે લડવા માટે કુદરતી પસંદગી તરીકે જોવામાં આવે છે. વાઈસ પ્રેસિડેન્શિયલ ડિબેટમાં તે ટ્રમ્પના રનિંગ મેટ જેડી વેન્સ સાથે પણ ચર્ચા કરવા તૈયાર છે. વ્હાઈટ હાઉસે ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને "ડેમોક્રેટિક પાર્ટીનું ભવિષ્ય" જાહેર કર્યું છે.

# શ્રમિકો માટે સુવિધાયુક્ત હંગામી આવાસ-શ્રમિક બસેરા ઉભા કરાશે




અમદાવાદ, તા.૧૮

ગુજરાતમાં અમદાવાદ, ગાંધીનગર, વડોદરા અને રાજકોટ ખાતે નિર્માણ થનારા શ્રમિક બસેરાનું અમદાવાદમાં મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે ભૂમિપુજન કરાયું હતું. આગામી ત્રણ વર્ષમાં ૩ લાખ જેટલા બાંધકામ શ્રમિકો માટે સુવિધાયુક્ત હંગામી આવાસ-શ્રમિક બસેરા ઉભા કરવા માટે ૧૫૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

શ્રમિક બસેરાના બૂમિપુજનની સાથે આજે ૧૭ સાઈટ પર હંગામી આવાસના નિર્માણની કામગીરી શરૂ કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં જગતપુર ખાતે નિર્માણ થનારા શ્રમિક બસેરાનું ભૂમિ પૂજન કર્યું હતું આ પ્રસંગે શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહ્યાં હતા. મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, મોટા બિલ્ડીંગ, ઈમારત, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉદ્યોગો માટે જરૂરી ફેક્ટરીઝ એમ દરેક નિર્માણને પોતાના પરસેવાથી સિંચતા બાંધકામ શ્રમિકોને પોતાનું આશ્રય સ્થાન મળે તેની ચિંતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કરી છે. શ્રમિક ૬૦ વર્ષની વયે પહોંચે અને વયના કારણે કામકાજ કરવા શક્તિમાન ન રહે તો પણ તેના નિર્વાહ માટે દર મહિને ૩૦૦૦ રૂપિયા જેટલી પેન્શન રકમ પી.એમ. શ્રમયોગી માન ધન યોજના અન્વયે મળે છે. રાજ્યમાં ત્રણ લાખથી વધુ શ્રમિકોને આ યોજનાઓનું કવચ મળેલું છે. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર પ્રધાન બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના દરેક શ્રમિકની ચિંતા કરી છે. જ્યારે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર શ્રમિકોની સુવિધાઓમાં સતત વધારો કરી રહી છે. આજે ૧૭ સાઈટ પર હંગામી આવાસના નિર્માણની કામગીરી શરૂ કરવામાં આવી છે. ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ તથા શ્રમયોગી કલ્યાણ બોર્ડની વિવિધ યોજનાઓના મળીને ૨૮ લાભાર્થીઓને ૬.૮૦ લાખ રૂપિયાની સહાયનું વિતરણ ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરાયું હતું.

## પાકિસ્તાની સેના કેમ્પ બનાવીને આતંકવાદ અને ઘૂસણખોરીની ટ્રેનિંગ આપી રહી છે

શ્રીનગર,તા.૧૮

જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા ઘણા દિવસોથી એક પછી એક અનેક આતંકી હુમલાઓ થઈ રહ્યા છે. કઠુઆ હોય કે ડોડા, આ આતંકી હુમલાઓમાં મોટી સંખ્યામાં ભારતીય સેનાના જવાનો શહીદ થયા છે. સાથે જ આતંકીઓને પણ ઠાર કરવામાં આવ્યા છે. આ દરમિયાન પાકિસ્તાન અધિકૃત કાશ્મીર માંથી કેટલીક એવી તસવીરો સામે આવી છે જેણે પાડોશી દેશનો આતંક વાદી ચહેરો સામે લાવી દીધો છે. આ તસવીરો ખુલાસો કરી રહી છે કે પાકિસ્તાની સેના જ આતંકીઓને ભારતમાં ઘૂસણખોરી અને આતંક મચાવવા માટે ટ્રેનિંગ આપી રહી છે. ચાલો જાણીએ આખો મામલો.

વાસ્તવમાં, પાકિસ્તાની સેના પાકિસ્તાન અધિકૃત કાશ્મીરના કોટ-લી વિસ્તારમાં એક કેમ્પ બનાવી રહી છે અને ત્યાંના લોકોને હથિયારોનો ઉપયોગ કરવાની તાલીમ આપી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પાકિસ્તાની સેના આતંકવાદી બનવા માટે આવા કેમ્પમાંથી છોકરાઓની ભરતી કરી રહી છે અને ભૂતપૂર્વ સૈન્ય અથવા તે કમાન્ડોને ઘૂસણખોરી કરવાની તૈયારી કરી રહી છે જેઓ આતંકવાદની તાલીમ લઈ ચૂક્યા છે. પાકિસ્તાની આર્મી ટ્રેનિંગ આપી રહી હોવાની તસવીરો પણ સામે આવી છે.

જમ્મુ-કાશ્મીરના ડોડામાં છેલ્લા ઘણા દિવસોથી આતંકીઓ અને ભારતીય સેના વચ્ચે અથડામણ ચાલી રહી છે. આ એન્કાઉન્ટરમાં અત્યાર સુધી ભારતીય સેનાના ૪ જવાન શહીદ થયા છે. બુધવારે મોડી રાત્રે પણ આતંકવાદીઓએ એક સ્કૂલમાં આરામ માટે રોકાયેલી સેનાની ટીમ પર ગ્રેનેડ વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં સેનાના બે જવાન ઘાયલ થયા છે. જમ્મુનો વિસ્તાર નદીઓથી ભરેલો છે, જ્યારે પાકિસ્તાન બોર્ડર પર અનેક નાળાઓ છે જે ચોમાસા દરમિયાન ઉભરાતી રહે છે. આ ઘુસણ ખોરોને ઘૂસણખોરી કરવાની તક પૂરી પાડે છે. આ ઉપરાંત, જમ્મુ વિભાગના પર્વતો એવા વિસ્તારો પ્રદાન કરે છે જ્યાં ઘણા છુપાયેલા સ્થળો છે અને ત્યાં ડ્રોન ચલાવવાની ખૂબ ઓછી સંભાવના છે.

# નેપાળના નવા વડાપ્રધાન કેપી શર્મા ઓલી રવિવારે વિશ્વાસ મત માંગશે



નવી દિલ્હી, તા.૧૮

નેપાળના નવનિયુક્ત વડાપ્રધાન કેપી શર્મા ઓલી બંધારણ મુજબ ૨૧ જુલાઈએ સંસદમાં વિશ્વાસ મત માંગશે. તેમની પાર્ટીના ચીફ વ્હીપે બુધવારે આ જાણકારી આપી. ૭૨ વર્ષીય વરિષ્ઠ નેતાએ સોમવારે નેપાળના વડાપ્રધાન તરીકે શપથ લીધા. માય રિપબ્લિક ન્યૂઝ પોર્ટલ કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાળ-યુનિફાઈડ માર્ક્સિસ્ટ લેનિનિસ્ટ (ઉઁદ્દેં-સ્ન)ના ચીફ વ્હીપ મહેશ બરતૌલાને ટાંકીને જણાવે છે કે વડા પ્રધાન ઓલીએ રવિવારે વિશ્વાસ મત મેળવવાનો નિર્ણય કર્યો છે. નેપાળના બંધારણ મુજબ, ઓલીએ તેમની નિમણૂકના ૩૦ દિવસની અંદર સંસદમાંથી વિશ્વાસનો મત લેવો પડશે, જે તેઓ સરળતાથી હાંસલ કરશે. કારણ કે ૨૭૫ સભ્યોની હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ (HoR)માં સરકાર બનાવવા માટે ન્યૂનતમ સંખ્યા માત્ર ૧૩૮ છે. નેપાળની સૌથી મોટી કમ્યુનિસ્ટ પાર્ટીના નેતાને રવિવારે રાષ્ટ્રપતિ રામ ચંદ્ર પૌડેલ દ્વારા સંસદમાં સૌથી મોટી પાર્ટી નેપાળી કોંગ્રેસ (NC) સાથે ગઠબંધન સરકારનું નેતૃત્વ કરવા માટે વડા પ્રધાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. આ સિવાય અન્ય નાની પાર્ટીઓ પણ આમાં સામેલ છે.ઓલી પુષ્પ કમલ દહલ 'પ્રચંડ'નું સ્થાન લેશે, જેમણે ગયા અઠવાડિયે HoRમાં વિશ્વાસ મત ગુમાવ્યો હતો, જે નવી સરકારની રચના તરફ દોરી જાય છે. CPN-UML પ્રમુખ હવે નવી ગઠબંધન સરકારનું નેતૃત્વ કરી રહ્યા છે, જે નેપાળમાં રાજકીય સ્થિરતા પ્રદાન કરવાના મુશ્કેલ પડકારનો સામનો કરી રહી છે.નેપાળને વારંવાર રાજકીય ઉથલપાથલનો સામનો કરવો પડ્યો છે, કારણ કે પ્રજાસત્તાક પ્રણાલીની રજૂઆત પછી દેશમાં છેલ્લા ૧૬ વર્ષોમાં ૧૪ સરકારો રહી છે. ઓલીના શપથગ્રહણના કલાકોમાં, ત્રણ વકીલો દીપક અધિકારી, ખગેન્દ્ર પ્રસાદ ચાપાગૈન અને શૈલેન્દ્ર કુમાર ગુપ્તાએ નેપાળની સર્વોચ્ચ અદાલતમાં તેમની નિમણૂકને પડકારતી રિટ અરજી દાખલ કરી, દલીલ કરી કે તે ગેરબંધારણીય છે અને તેને રદ કરવાની માંગ કરવામાં આવી હતી.વકીલોએ દલીલ કરી હતી કે જો કલમ ૭૬(૨) હેઠળ રચાયેલી સરકાર હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ફ્લોર ટેસ્ટમાં નિષ્ફળ જાય તો રાષ્ટ્રપતિએ કલમ ૭૬(૩) હેઠળ નવી સરકારની રચના માટે હાકલ કરવી જોઈએ. સુપ્રીમ કોર્ટે આ કેસની પ્રાથમિક સુનાવણીની તારીખ ૨૧ જુલાઈ નક્કી કરી છે, તે જ દિવસે ઓલી સંસદમાં ફ્લોર ટેસ્ટમાં ભાગ લેશે.

# ઈન્ફ્લુએન્સર ૩૦૦ ફૂટ ઊંડી ખાઈમાં પડી જતા મૃત્યુ





મુંબઈ,તા.૧૮

આજના યુવાનોમાં સોશિયલ મીડિયા પર રીલ બનાવવાનો ક્રેઝ એટલો બધો છે કે તેઓ જોખમ ઉઠાવવામાં જરા પણ અચકાતા નથી. રીલ કે વીડિયો બનાવતી વખતે ઘણી વખત અકસ્માતો થાય છે. આવી જ એક ઘટના મુંબઈમાં પ્રકાશમાં આવી છે, જેમાં ૨૭ વર્ષીય ઈન્સ્ટાગ્રામ ઈન્ફ્લુઅન્સરે પોતાનો જીવ ગુમાવ્યો છે. અકસ્માત થયો ત્યારે યુવતી રીલ બનાવી રહી હતી. મળતી માહિતી મુજબ આ ઘટના માનગાંવ તાલુકાના કુંભે વોટરફોલ પર બની હતી. અહીં અન્વી કામદાર નામની યુવતી તેના મિત્રો સાથે મુંબઈથી રીલ બનાવવા માટે આવી હતી. કુંભે વોટરફોલ એક પ્રાકૃતિક સ્થળ છે, જ્યાં મોટી સંખ્યામાં લોકો પિકનિક માટે આવે છે. વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) અને પ્રખ્યાત ઈન્સ્ટાગ્રામ ઈન્ફ્લુઅન્સર અન્વી કામદારના સોશિયલ મીડિયા પર ૩ લાખથી વધુ ફોલોઅર્સ છે.

અન્વી કુંભે ધોધ પર પહોંચી અને રીલ બનાવવા લાગી. આ દરમિયાન તેણીએ પોતાનું સંતુલન ગુમાવ્યું અને ૩૦૦ ફૂટ ઊંડી ખાઈમાં પડી ગઈ. જેના કારણે અન્વીનું મૃત્યુ થયું હતું. તેની સાથે આવેલા અન્વીના મિત્રોએ તાત્કાલિક પોલીસને આ બાબતની જાણ કરી હતી. માહિતી મળતાની સાથે જ માનગાંવ અને કોલાડ વિસ્તારની ઘણી બચાવ ટુકડીઓ અને પોલીસની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

કુંભે ધોધ પહોંચ્યા બાદ બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. ઘણી મહેનત બાદ ટીમોએ અન્વીના મૃતદેહને ઊંડી ખાઈમાંથી બહાર કાઢ્યો હતો. અધિકારીઓએ યુવાનોને પ્રકૃતિનો આનંદ માણવા વિનંતી કરી પરંતુ રીલ બનાવવાના નામે પોતાનો જીવ જોખમમાં ન નાખવા વિનંતી કરી. પોલીસ ઈન્સ્પેક્ટર મંગાંવ નિવૃત્તિ બોરાડેએ જણાવ્યું કે આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે. ૨૭ વર્ષની અન્વી તેના પેજ પર ટ્રાવેલ સંબંધિત ફોટો-રીલ્સ શેર કરતી હતી. માનગાંવ પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું કે અનવી મુંબઈના મુલુંડની રહેવાસી હતી. તે વરસાદમાં તેના મિત્રો સાથે ધોધ પર પહોંચી હતી. આજુ બાજુના સુંદર દૃશ્યને વીડિયોમાં કેપ્ચર કરતી વખતે અચાનક તેનો પગ લપસી ગયો અને તે ઊંડી ખાઈમાં પડી ગઈ.

# અખિલેશની મોન્સૂન ઓફર! સો લાવો, સરકાર બનાવો, ઈશારોની કોની તરફ?

લખનૌ,તા.૧૮

લોકસભા ચૂંટણીના પરિણામો બાદ ઉત્તર પ્રદેશ ભાજપમાં આંતરિક કલેશ સામે આવી રહ્યો છે, જેના કારણે લખનૌથી દિલ્હી સુધી બેઠકો ચાલી રહી છે. ભાજપ વચ્ચેના આંતરિક સંઘર્ષ વચ્ચે સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે એક કટાક્ષ કર્યો છે.

અખિલેશ યાદવે સોશિયલ મીડિયામાં એક ટ્વિટ કર્યુ છે. જેમાં તેમણે લખ્યુ છે કે મોન્સૂન ઓફર, સો લાવો સરકાર બનાવો. મહત્વનું છે કે ઉત્તર પ્રદેશના રાજકારણમાં આ સમયે હલચલ વધુ તેજ બની છે. એક તરફ ખરાબ પ્રદર્શનને કારણે યુપી ભારતીય જનતા પાર્ટીમાં વિવાદ વધુ ઘેરો બન્યો છે. કેશવ પ્રસાદ મૌર્ય સતત સક્રિય દેખાઈ રહ્યા છે. દિલ્હીમાં હાઈકમાન્ડને મળ્યા બાદ લખનૌ પરત ફર્યા છે. તેવામાં સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે સોશિયલ મીડિયા સાઈટ એક્સ પર પોસ્ટ કરીને યુપીના રાજકારણમાં સનસનાટી મચાવી દીધી છે.

અખિલેશ યાદવના આ ટ્વિટને લઈને ચર્ચાનું બજાર ગરમ થઈ ગયું છે. આ પહેલા પણ ઉત્તર પ્રદેશના રાજકારણમાં અખિલેશ યાદવે એવી ઓફર આપી છે કે જો તમારે સરકાર બનાવવાનું સપનું પૂરું કરવું હોય તો ૧૦૦ ધારાસભ્યો લાવો. સમાજવાદી પાર્ટી સમર્થન કરશે. આ નિવેદન દ્વારા તેમણે કેશવ પ્રસાદ મૌર્યને ખુલ્લી ઓફર આપી હતી. હવે ફરી એકવાર તેઓ આ રીતે વાત કરતા જોવા મળી રહ્યા છે. મહત્વનું છે કે તાજેતરમાં ભાજપની પ્રદેશ કાર્યસમિતિની બેઠક મળી હતી. જેમાં બીજેપી નેતાઓ વચ્ચેનો મતભેદ સામે આવ્યો હતો અહીં ડેપ્યુટી સીએમ કેશવ મૌર્યએ કહ્યું હતું કે સરકાર કરતા સંગઠન મોટું છે. કામદારોનું દર્દ મારું દર્દ છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું હતું કે લોકસભા ચૂંટણીમાં વધુ પડતા આત્મવિશ્વાસથી ભાજપને નુકસાન થયું છે. તેમણે કહ્યું હતું કે ૨૦૧૪ અને ત્યારપછીની ચૂંટણીમાં જે મતોની ટકાવારી ભાજપની તરફેણમાં હતી, તેટલી જ ટકાવારી ભાજપ ૨૦૨૪માં પણ એટલી જ સંખ્યામાં વોટ મેળવવામાં સફળ રહી છે પરંતુ વોટ બદલાવા અને વધુ પડતા આત્મવિશ્વાસથી અમારી આશાઓને નુકસાન થયું છે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ ડેપ્યુટી સીએમ કેશવ મૌર્યને દિલ્હી બોલાવ્યા હતા. જો સૂત્રોનું માનીએ તો તેમને કહેવામાં આવ્યું છે કે યુપીમાં સરકાર અને સંગઠનોએ સાથે મળીને કામ કરવું જોઈએ. આના પર કામ કરવું જોઈએ અને એવા કોઈ નિવેદનો ન હોવા જોઈએ જેનાથી જનતાને સંદેશ જાય કે આંતરિક ઝઘડો ચાલી રહ્યો છે. તેમની સાથે યુપી બીજેપી અધ્યક્ષ ભૂપેન્દ્ર ચૌધરીને પણ દિલ્હી બોલાવવામાં આવ્યા હતા. ભૂપેન્દ્ર ચૌધરીએ યુપીમાં હારની સમીક્ષા પાર્ટી નેતૃત્વને સોંપી છે. પોતાના ૧૫ પાનાના રિપોર્ટમાં તેમણે યુપીમાં પાર્ટીની હારના કારણો આપ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

# આજે મસ્કા(માંડવી) માં ફેફસાની બિમારી માટે નિશુલ્ક કેમ્પ

ભુજ તા.૧૮

એક્કરવાલા જનરલ હોસ્પિટલ મસ્કા,માંડવી મધ્યે તા.૧૯/૦૭, શુક્રવારે ટી.બી., શ્વાસ તથા ફેફસાંની બિમારી માટે નિઃશુલ્ક મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. અનશનવ્રતધારી જૈન સમાજરત્ન તારાચંદભાઈ છેડાની પ્રેરણાથી સંસ્થાના પ્રમુખ જીગર છેડાના માર્ગદર્શન હેઠળ સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજ દ્વારા સંચાલિત એક્કરવાલા જનરલ હોસ્પિટલ સવારે ૧૧:૩૦ થી ૧ સુધી ડીવાઈન લાઈફ હોસ્પિટલ આદિપુરના સહયોગથી યોજાનારા આ કેમ્પ વિશે માહિતી આપતા સંસ્થાના પ્રમુખ જીગર છેડા એ જણાવ્યું હતુ કે આ મેડીકલ કેમ્પ માં કચ્છના ખ્યાતનામ ફેફસાં રોગના નિષ્ણાંત, ડીવાઈન લાઈફ હોસ્પિટલ આદિપુર ના પલ્મોનોલોજીસ્ટ ડૉ. આદિત્ય પંડયા પોતાની સેવા નિઃશુલ્ક પુરી પાડશે.આ મેડીકલ કેમ્પમાં ટી.બી.ન્યુમોનીયાની અસર હોય, કેમેરા દ્વારા ફેફસાં તપાસણીની (બ્રોકોસ્પી) જરૂર હોય, વારંવાર કફ, ઉધરશ કે ખાંસી થતી હોય, એલર્જી-અસ્થમાની બિમારી હોય, બીડ, ધ્રુમપાન સંબધીત બિમારી હોય, નિંદર દરમ્યાન મોટેથી નસરકોરા બોલવાની બિમારી હોય, ફેફસાંના પડ-આવરણમાં પાણી ભરાતુ હોય, કોરોના પછી ફેફસાંને સંબધીત વિગેરે બિમારી ધરાવતા દર્દીઓનું નિઃશુલ્ક નિદાન કરવામાં આવશે.

આવી બિમારી ધરાવતા દર્દીઓએ બહોળી સંખ્યામાં આ કેમ્પનો લાભ લેવા અનુરોધ છે હોસ્પિટલના મેડીકલ ઓફિસર ડૉ.મૃગેશ બારડના જણાવ્યાનુસાર કેમ્પમાં આવનાર દર્દીઓએ પોતાના જુના તમામ રીપોર્ટ, એક્સ-રે,દવાઓ સાથે લાવવાના રહેશે.એક્સ-રે તથા મશીન દ્વારા ફેફસાંની તપાસ વિના મુલ્યે કરી આપવામાં આવશે,કેમ્પમાં નામ નોંધાવવા માટે ૬૩૫૯૬ ૬૬૩૫૯ અને ૯૫૫૮૦ ૬૮૬૮૫૭ નંબર પર સંપર્ક કરવો.

# ભુજમાં ચાતુર્માસ દરમ્યાન 'વાચના' માટે 'હૃદય પ્રદીપ' ગ્રંથ વહોરાવાયો



ભુજ તા.૧૮

આરાધના ભવન જૈન સંઘ માં ચાર્તુમાસ નિશ્રા દાતા શ્રીમદ વિજય તીર્થભદ્ર સૂરિશ્વરજી મ.સા.ના શિષ્ય પ્રવચનકાર મુનિવર્ય તીર્થતિલક વિજયજી મ.સા. આદી ઠાણા -૫ તથા સાધ્વી ચંદ્રકિરણાશ્રીજી મ. સા., વિશ્વદર્શનાશ્રીજી મ.સા. આદી ઠાણા ૧૧, ની નિશ્રામાં સંઘ સમક્ષ ચાતુર્માસ દરમ્યાન વાચના આપવા માટે તેમને 'હૃદય પ્રદીપ' ગ્રંથ વહોરવામાં આવ્યો હતો.

મંત્રોચ્ચાર સાથે ગ્રંથનું લાભાર્થી પરિવાર હસ્તે પૂજન કરાવ્યું હતું, ગ્રંથ વહોરવાનો લાભ મણીલાલ મહેતા પરિવારના દલીચંદ મહેતા, ધીરજલાલ મહેતા, ગુણવંતીબેન વગેરેએ મુનિવર્ય તીર્થતિલક વિજયજી મ.સા.ને ગ્રંથ વહોરાવ્યો હતો, આ સમયે જૈન જયતિ શાસનમના નાદ સાથે વાતાવરણ મહેંકી ઉઠ્યું હતું.

આ અવસરે સંઘના મેનેજીંગ ટ્રસ્ટી કમલ મહેતા, હોદેદારો, માનદ મંત્રી ચંદુભાઈ ગઢેચા, દાતા પરિવારના સભ્યો, ટ્રસ્ટી ગણ, ભાવિકો વગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હોવાનું મીડિયા કન્વીનર વી.જી. મહેતાએ જણાવ્યું હતું.

# મોટી વિરાણી પ્રા.શાળામાં દાતાએ બાળકોને ભોજન કરાવ્યું

આણંદપર(યક્ષ)તા.૧૮

શાળામાં દાતાઓ તેમજ વાલીઓ દ્વારા અવારનવાર બાળકોને તિથિ ભોજન તેમજ ભણતરમાં ઉપયોગી થાય એવી શૈક્ષણિક વસ્તુઓ(કીટ) આપવામાં આવતી હોય છે. કોઈને ત્યાં નાના મોટા લગ્ન પ્રસંગ, પોતાનો કે તેમના બાળકોનો જન્મ પ્રસંગ કે વડીલોની પુણ્યતિથિ જેવા પ્રસંગોએ શાળાના બાળકોને યાદ કરતા હોય છે, આવા પ્રસંગે બાળકોને પસંદ હોય એ ભોજન બનાવીને ખવડાવે છે.



બાળકો પોતાને ભાવતું ભોજન તેમજ શૈક્ષણિક કિટ મળવાથી બાળકો ખુશ જોવા મળતા હોય છે. તા.૧૬ ના વિરાણી મોટી કુમાર પ્રા.શાળાના બાળકોને ગ્રામ પંચાયતના સભ્ય અને એસ. એમ.સી.ના સભ્ય રમીલાબેન બાથાણીના માતૃશ્રીની ૧૦મી પુણ્યતિથિ નિમિતે શાળાના તમામ વિધાર્થીઓને પાંવભાજી ભોજન સાથે શૈક્ષણિક કીટ આપવામાં આવી હતી.રમીલાબેન દ્વારા શાળામાં ૧૪૦ બાળકોને મનભાવતા ભોજન ભણવામાં ઉપયોગી વસ્તુઓ આપતા શાળાના આચાર્ય શ્રવણ ભાવાણી દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ભાવેશ પટેલ, દિપિકાબેન, ક્રિષ્નાબેન, જાગૃતીબેન, હેતલબેન, વિવેકભાઈ એ સૌ સાથે જોડાઈ સહયોગ આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ભૂવડ ભાવેશ્વરી માં સત્સંગ મંડળ દ્વારા અયોધ્યામાં રામ કથા યોજાઈ

આણંદપર(યક્ષ)તા.૧૮

કચ્છ ભુવડનાં કથાકાર યોગેશ જોશી દ્વારા રામ કથા દરમ્યાન શ્રોતાઓને રામ નાં રંગમા રંગ્યા હતા, રામ જન્મ ઉત્સવ ધામધૂમ થી ઉજવામાં આવ્યો હતો, જ્યારે સીતા-રામ વિવાહ પ્રસંગને એક અલગ રીતે ઉજવવામાં આવ્યો હતો. આ કથાના મુખ્ય યજમાન દેવરાજ નારણ ઝરૂ રહ્યા હતા, કથાના આચાર્ય પદે હિરેન



આચાર્ય રહ્યા હતા. પ્રવીણ જોષી, સિદ્ધાર્થ જોષી,ઋષિભાઈ જોષીએ પૂજા વિધિમાં સહકાર આપ્યો હતો.

# દેસલપર(વાં) પ્રા.શાળાનો વિદ્યાર્થી શિષ્યવૃત્તિની પરીક્ષામાં તાલુકામાં દ્વિતીય

આણંદપર(યક્ષ)તા.૧૮

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા દર વર્ષે ધોરણ-છઠ્ઠામાં અભ્યાસ કરતા બાળકો માટે પ્રાથમિક શિષ્ય વૃત્તિની પરીક્ષા લેવામાં આવે છે, આવી પરીક્ષાઓ આપતા હોવાથી મોટી પરિક્ષાઓમાં બાળકોને કોઈ તકલીફ નથી પડતી.



પરીક્ષામાં ધોરણ ૧ થી ૫નો સમગ્ર અભ્યાસ ક્રમ અને ધોરણ-૬ના પ્રથમ સત્રના અભ્યાસ ક્રમને આવરી લેવામાં આવે છે.જેમાં ભાષા,પર્યાવરણ,ગણિત અને જનરલ નોલેજને લગતા-૨૦૦ ગુણના બે પેપર લેવામાં આવતા હોય છે. ભુજ તાલુકાના દેસલપર (વાં) ધોરણ-૬ના બાળકો દર વર્ષે આ પરીક્ષામાં ભાગ લે છે,વર્ષ ૨૦૨૩/૨૪માં લેવાયેલ પરીક્ષામાં વિદ્યાર્થી મહેશ્વરી સત્યમ પ્રવીણ સમગ્ર ભુજ તાલુકાની મેરિટ યાદીમાં દ્વિતિય નંબર મેળવ્યો છે, સમગ્ર શાળા પરિવાર, તેમજ ગામલોકોએ સત્યમને આ સ્થાન પ્રાપ્ત કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# ભુજ મારૂ કંસારા સોની યુવક મંડળ દ્વારા ટેલેન્ટ શૉ યોજાયો

આણંદપર(યક્ષ) તા.૧૭

મારૂ કંસારા સોની યુવક મંડળ દ્વારા ટેલેન્ટ શૉ નું આયોજન મુક્તજીવન સ્વામી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ભુજ ખાતે કરવામાં આવ્યું હતુ . જેમાં ડાન્સ, કરાઓકે, સીંગીંગ, મ્યુઝિકલ ઈનસ્ટ્રુમેંટ, મોનો એક્ટિંગ, ફેશન શો, ફેન્સી ડ્રેસ ગ્રુપ, જુડો, કરાટે, સ્કેટિંગ, ગરબાસ્ટેપ, ઈન્સટા રિલ્સ જેવી ટેલેન્ટ કેટેગરીમાં જ્ઞાતિના કલાકારોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. પ્રોજેક્ટ ચેરમેન રૂપ ચનાણી, રીયા બારમેડા તેમજ યુવક મંડળના સમીર



છાત્રાલા,દિપક પોમલ,સચિન બુદ્ધભટ્ટી, જીત હેડાઉ સહિત કાર્યકરોએ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઊઠાવી હતી.

# અંજાર મારૂ કંસારા સોની સમાજ દ્વારા ફન ફિયેસ્ટા એકઝીબિશન અને ફેશન યોજાયો



આણંદપર(યક્ષ)તા.૧૮

અંજાર મારૂ કંસારા સોની સમાજ વાડી ખાતે યોજાયેલા ફન ફિયેસ્ટા એકઝીબિશન તેમજ ફેશન શો સંત ત્રિકમદાસજી મહારાજના વરદ હસ્તે દિપ પ્રાગટય બાદ ખુલ્લો મુકાયો હતો, ત્યારે યુવક મંડળના સભ્યો તેમજ કારોબારી સમિતિના હાજર રહ્યા હતા. આ ઈવેન્ટમાં ભુજ, અંજાર, આદિપુર, ગાંધીધામના એક્ઝિબીટર્ઝ એ ભાગ લીધો હતો, ત્રણ અલગ અલગ કેટેગરીમાં વિજેતાઓનેપારુલસોની,ગોપિકા રોચીરામાણી, પ્રિયા ભાવસાર, ઉમીત જાની તરફથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા તથા ઓર્ગેનાઇઝર તરફથી દરેક પાર્ટીસિફન્ટને સર્ટિફિકેટ તથા વિનર્સને ટ્રોફી આપવામાં આવી હતી. ત્રણ થી છ વર્ષના દરેક પાર્ટિસિપેન્ટ બાળકોને સુપર ઓટો અંજાર તરફથી આશ્વાસન ઈનામ આપવામાં આવેલ હતા. ફેશન શોના નિર્ણાયકો પૂનમ સોની, કાજલ અસોડિયા, રાહુલ ચંચલાની અને પૃથ્વી સોની રહ્યા હતા, મુખ્ય મહેમાનો તરીકે વૈશાલીબેન કતિરા, નયનાબેન ભિંડે,ચંદ્રિકા બેન પંડ્યા, ચાંદનીબેન વરૂ, ત્રંબક ગોસ્વામી, અંજાર નગર પાલિકાના ઉપપ્રમુખ શિલ્પાબેન બુદ્ધભટ્ટી તથા એબીવીપીના હોદ્દેદારો હાજર રહ્યા હતા ફેશન શોનું સંચાલન કુનાલી કટ્ટા તેમજ ધ્વનિ કટ્ટાએ કર્યુ હતું, કાર્યક્રમને સફળ બનાવવા માટે પિંકીબેન કટ્ટા,પ્રિતીબેન ઠકકર,કેશ્વીબેન કટ્ટા, હેતલબેન બુદ્ધભટ્ટી, હેતલબેન ગુજરાતી, રીમાબેન પોમલ, ગીતાબેન બુદ્ધભટ્ટી, કલ્પનાબેન પીઠડીયા, દામિનીબેન છાત્રાલા,ચાંદનીબેન ચંદારાણા, શિતલ ઠક્કર, શૈલેષ ભાઈ પોમલ, નિખિલ ભાઈ કટ્ટા,કમલેશ ઠકકર, વેદાંત પોમલ, રૂષભ કટ્ટા, મહેશ બુદ્ધભટ્ટી, અંકિત સોની વગેરેએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમના ઓર્ગોનાઈઝર ધ્વનિ નિખિલ કટ્ટા (અંજાર) રહ્યા હતા.

# જન્મજાત ખોડ ખાપણ વાળા તમામ પ્રકારના દર્દીઓ માટે ઓપરેશન નિશુલ્ક

ભુજ તા.૧૮

લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટ - ભુજ તેમજ હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન H C F હોસ્પિટલ-અમદાવાદના સહયોગથી જે પણ જન્મજાત ખોડ ખાંપણ વાળા ૦ થી ૧૮ વર્ષના દર્દીઓ છે. તે તમામ દર્દીઓને નિ;શુલ્ક ઓપરેશન કરી આપવામાં આવશે જેની અંદર જન્મજાત પગની ખોટ ખાંપણ, ખૂટીથી નાનો પગ, ઘૂંટણથી ટૂંકો પગ, પગ, પગના વડેલા પંજા, થાપાથી વિકૃતિ વગેરે તેમજ જન્મજાત હાથની ખોટ ખાંપણ ,ખંભાની ખોટ ખાંપણ ,કોણીની ખોટ ખાંપણ, હાથના પંજાની ખોટ ખાંપણ તેમજ ફાટેલા હોઠ. તારવામાં કાણું. બાળક જ્યારે માતાના ગર્ભમાં હોય ત્યારથી થતી ખોટ ખાંપણ.એવીજ રીતે નાના બાળકોમાં મોતિયો-નાનપણમાં જેમને જોવામાં તકલીફ થતી હોય તેવા બાળકો તથા કીકી પ્રત્યારોપણ કીકીમાં થતી ઈજા, ઈન્ફેક્શન કીકીનું પ્રત્યારોપણ પણ કરવામાં આવે છે.

આ સેવા કાર્યમાં ભુજની સ્વૈચ્છિક સંસ્થા શ્રી લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટ મધ્યે નામ નોંધણી માટે હેલ્પલાઈન નંબર ;૯૯૭૮૮-૬૨૫૨૨ / ૯૪૨૮૦ -૩૩૭૩૩ રજીસ્ટ્રેસન કરવામાં આવી રહીયુ છે. ઓપરેશન માટે આવવા-જવા માટેની વ્યવસ્થા, ભોજનની નિ;શુલ્ક વ્યવસ્થા કરી આપવામાં આવશે.આ તમામ પ્રક્રિયામાં હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશનના ફાઉન્ડેશન ટ્રસ્ટી ડો. ભરત હેમેન્દ્ર જણસારી તથા હર્ષા સુથાર સંકલન કરી રહ્યા છે.

# અ.ભા.રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતની કારોબારીમાં કચ્છના પદાધિકારીઓ જોડાયા

ભુજ તા.૧૮

તા.૧૭/૦૭ ના અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતના વિવિધ સંવર્ગોની રાજ્ય કારોબારીની બેઠક ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, કર્ણાવતી ખાતે શિક્ષણ મંત્રી કુબેર ડીંડોરની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી. સંસ્થાના સંગઠન મંત્રી મહેન્દ્ર કપૂર, ઉપાધ્યક્ષ મોહનજી રાજપુરોહિત, ગુજરાત રાજ્ય અધ્યક્ષ ભીખાભાઈ પટેલ તેમજ મહામંત્રી મિતેષ ભટ્ટના નેતૃત્વમાં હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ દ્વારા શિક્ષણ, શિક્ષક તેમજ શિક્ષાર્થીને લગતા વિવિધ પ્રશ્નોની રજૂઆતો કરવામાં આવેલ હતી.

શિક્ષણ મંત્રી કુબેર ડીંડોર દ્વારા ગુરુ પૂર્ણિમાના દિવસે એચ.ટાટ. કર્મચારીઓને ભેટ આપવામાં આવશે એવી જાહેરાત કરાઈ હતી. ભીખાભાઈ પટેલે શિક્ષણ મંત્રીની હાજરીમાં કહેલ હતુ કે, જો ૧૫ ઓગસ્ટ સુધી ઓ.પી. એસ.નો પ્રશ્ન હલ ના થાય તો ૧૬ મી ઓગસ્ટના ગાંધીનગર મધ્યે તમામ કર્મચારીઓ એકત્રિત થઈ મહા આંદોલનના મંડાણ કરશે, આ સિવાય અન્ય પડતર પ્રશ્નો, અગાઉ સરકાર સાથે થયેલ સમાધાન અનુસાર ૨૦૦૫ પહેલાના શિક્ષકોને જૂની પેન્શન યોજનામાં સમાવવા, તમામ માટે ઓ.પી.એસ. યોજના લાગુ પાડવી,જૂના શિક્ષકોની ભરતી અને બદલીના લાભો, પ્રસુતીની રજાઓ સળંગ ગણવા, ગ્રાન્ટેડ પ્રાથમિક શિક્ષકોને ૪૨૦૦ ગ્રેડ પે નો લાભ, ફાજલને રક્ષણ, ગ્રાન્ટેડ માધ્યમિક શિક્ષકોની બદલી તેમજ તેમની ૩૦૦ રજાઓનુ રોકડમાં રૂપાંતર ને લગતો પરિપત્ર, ઓનલાઇન કામગીરી તેમજ એકમ કસોટીઓનુ ભારણ ઘટાડવુ, માધ્યમિક શિક્ષકોના વર્કલોડમાં સુધારો કરી શિક્ષક રેશિયામાં સુધારો કરવો, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વહીવટી સહાયક તેમજ સેવક સહાયક એટલે ક્લાર્ક અને પટાવાળાની ભરતી કરવી, ધો.૬ થી ૮ માં વ્યાયામ શિક્ષકોને સમાવવા, ચિત્ર, સંગીત, કોમ્પ્યુટર વગેરે વિષય



એના એ નહીં ઉકેલાયેલા પડતર પ્રશ્નો રજૂ કરાયા: શિક્ષણમંત્રીએ ગુરૂ પૂર્ણિમાના દિવસે એચ.ટાટ ઉમેદવારોને ભેટ આપવાની જાહેરાત કરી

શિક્ષકોની ભરતી કરવી, સી.આર. સી./બી.આર.સી. ને ટ્રાન્સપોર્ટ અલાઉન્સ વધારવા, જ્યાં હાલમાં જ્ઞાન સહાયકોની ભરતી થયેલ નથી ત્યાં વચગાળાની રાહત રુપે પ્રવાસી શિક્ષકોની ભરતી કરવી, દરેક જિલ્લાઓમાં આચાર સંહિતા સમિતિની માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નિમણૂંક કરવી, વગેરે પ્રશ્નોની કારોબારીમાં રજૂઆત કરાઈ હતી અને ટૂંક સમયમાં તેના નિરાકરણ અંગેની વ્યૂહ રચના પણ ઘડવામાં આવેલ હતી.

આ બેઠકમાં અલગ-અલગ જિલ્લાઓના ૪૫૦ જેટલા અપેક્ષિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા, કચ્છ જિલ્લા માંથી પાંચેય સંવર્ગના અપેક્ષિત પદાધિકારીઓ મૂરજી ગઢવી, નયન વાંઝા, કલ્પેશ ચૌધરી, રમેશ ગાગલ, ધર્મેન્દ્ર પરમાર, જખરા કેરાસિયા,અલ્પેશ જાની,

ચેતન લાખાણી, રૂપેશ સોલંકી, પુનશી ગઢવી, ભરત ધરજીયા, મયુર પટેલ તેમજ મનુભા સોઢાએ ઉપસ્થિત રહી કચ્છના પ્રશ્નોને વાચા આપેલ હતી. એવુ પ્રાંત સહસંગઠન મંત્રી અલ્પેશ જાની ની યાદીમાં જણાવાયું હતુ.

પશ્ચિમ રેલવે ટ્રેક પર કચરો ફેંકનારાઓ સામે કડક કાર્યવાહી કરી રહી છે

# ભારતીય રેલવે ટ્રેનોમાં સ્વચ્છતા અને પરિચાલન અનુશાસનના ધોરણો જાળવવા માટે પ્રતિબદ્ધ



અમદાવાદ તા.૧૮

પશ્ચિમ રેલવે તેના ગ્રાહકોને વધુ સારી સેવા સુનિશ્ચિત કરીને સ્વચ્છ મુસાફરી વાતાવરણ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે. આ ક્રમમાં ટ્રેનોમાં સ્વચ્છતા જાળવવા માટે ઘણા પ્રયાસો કરી, સ્વચ્છ ટ્રેન સ્ટેશન અને ઓન-બોર્ડ હાઉસકીપિંગ સેવાઓ જેવી વ્યવસ્થાઓ પૂરી પાડવામાં આવી છે.

આ ઉપરાંત લાંબા અંતરની ટ્રેનોમાં મુસાફરી દરમિયાન પેન્ટ્રીકારમાંથી પેદા થતો કચરો એકત્ર કરવા માટે વિવિધ સ્થળોએ ગાર્બેજ કલેક્શન પોઈન્ટ પણ બનાવવામાં આવ્યા છે, જેથી ટ્રેનો અને રેલવે પરિસર સ્વચ્છ રહે સાથે રેલવે ટ્રેક કિનારે પર પણ સ્વચ્છતા જળવાઈ રહે. આ ઝુંબેશો સ્વચ્છ વાતાવરણ સુનિશ્ચિત કરે છે જે ટ્રેન મુસાફરીના અનુભવને બેહતર બનાવે છે. પશ્ચિમ રેલવે ના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જારી કરવામાં આવેલી પ્રેસ વિજ્ઞપ્તિ મુજબ, લાંબા અંતરની ટ્રેનોની સફાઈ એવા સ્ટેશનો પર કરવામાં આવે છે જ્યાં પ્રાથમિક જાળવણી કરવામાં આવે છે, જેમકે અમદાવાદ, મુંબઈ સેન્ટ્રલ, રતલામ, ભાવનગર, વડોદરા, વગેરે. આ પહેલ હેઠળ પશ્ચિમ રેલવેમાં લગભગ ૬૦૦ ટ્રેનોની સફાઈ કરવામાં આવે છે અને ટ્રેનની સફાઈ દરમિયાન એકઠા થયેલા તમામ કચરાનો નિયમ મુજબ નિકાલ કરવામાં આવે છે પશ્ચિમ રેલવેના ૨૪ સ્ટેશનો પર પેન્ટ્રી કાર દ્વારા કચરો એકત્ર કરવામાં આવે છે, જ્યાં ૭૭,૬૦૦ કિલો કચરો (સૂકો અને ભીનો કચરો સહિત) પેન્ટ્રી કારથી એકત્રિત કરવામાં આવે છે અને નિયમો અનુસાર અંતિમ નિકાલ માટે સંબંધિત પ્રબંધક દ્વારા રસીદ પર સહી કરવામાં આવે છે, પશ્ચિમ રેલવેની કુલ ૧૭૫ ટ્રેનોમાં ઓન-બોર્ડ હાઉસકીપિંગ સેવાઓ છે. મુસાફરો અને હિતધારકોને તાત્કાલિક નિવારણ માટે આવી કોઈપણ ઘટનાની જાણ કરવાનું ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે, જે દરેક માટે સ્વચ્છ અને સલામત મુસાફરી વાતાવરણ સુનિશ્ચિત કરવા માટે ભારતીય રેલવેની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરે છે.

# શિક્ષણ સહાયકની દ્વિસ્તરીય પરીક્ષામાં મેળવેલ માર્ક્સના આધારે ભરતી કરવા માંગ

ભુજ તા.૧૮

રાજયના શિક્ષણમંત્રી પાસે રૂબરૂ મળી, શિક્ષણ વિભાગને પત્ર લખી માધ્યમિક વિભાગ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પ્રથમ વખત લેવાયેલ દ્વિસ્તરીય પરીક્ષા પછી પણ ડિગ્રીના માર્ક્સ ગણાશે તો દ્વિસ્તરીય પરીક્ષાના ઉમેદવાર-ોની મહેનત એળે જવાની જણાતી હોવાના કારણે મોટી સંખ્યામાં ઉમેદવારો દ્વારા માત્ર મુખ્ય પ રીક્ષાના ગુણને આધારે જ ભરતી કરવાની માંગ કરાઈ છે.

શિક્ષણ વિભાગ દ્વારા ટુંક સમયમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકમાં ૭૫૦૦ જેટલા શિક્ષણ સહાયકોની ભરતી કરવાના આવનાર છે,ત્યારે તેમાં મેરીટ કેવી રીતે ગણવામાં આવશે તે બાબતે ચર્ચા રહી છે, ઉમેદવારોની માંગ છે કે, અન્ય દ્વિસ્તરીય સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેમ કે GPSC, UPSC ની જેમ માત્ર મુખ્ય પરીક્ષાના ગુણને જ ધ્યાને લઈ ભરતી કરવામાં આવે. જો ડિગ્રીના ગુણ ધ્યાને લેવામાં આવે તો આખી ભરતી પ્રક્રિયા જે દ્વિસ્તરીય પદ્ધતિથી લેવામાં આવી છે,જેનો કોઈ અર્થ નહીં સરે.

ટાટ પાસ ઉમેદવારો રોનક ચૌહાણ, મનીષભાઈ, મહિપ તભાઈ તેમજ રાજેશભાઈના જણાવ્યા મુજબ જો ૭૦:૩૦ ની જુની પદ્ધતિથી ભરતી કરવામાં આવે તો, બાકીના ૩૦ ટકા ગુણ માટે ડિગ્રીના ગુણ ધ્યાને લેવાય, જે ખરેખર અન્યાયી પદ્ધતિ છે, તેમાં અનેક વિસંગતતાઓ જોવા મળે છે. રાજયની અમુક ખાનગી યુનિવર્સીટીઓ B.ed અને M.ed જેવા કોર્ષમાં સરકારી યુનિ. ઓની સાપેક્ષે ખુબ વધુ ગુણ આપે છે, જેથી સરવાળે મુખ્ય પરીક્ષામાં વધારે માર્ક્સ ધરાવતા ઉમેદવારો નોકરીથી વંચિત રહી જાય અને ડિગ્રીમાં મેળવેલ વધુ માર્ક્સને આધારે ટાટ મુખ્ય પરીક્ષામાં ઓછા ગુણ ધરાવતા ઉમેદવારો પણ નોકરીએ લાગી જાય જેથી આખી દ્વિસ્તરીય પરીક્ષા નામ માત્રની રહી જાય છે.

તાજેતરમાં ગયા વર્ષે, જયારે જ્ઞાન સહાયકની ભરતી કરવામાં આવી ત્યારે પણ માત્ર મુખ્ય પરીક્ષાના ગુણ જ ધ્યાને લેવામાં આવ્યા હતા તદુપરાંત તાજેતરમાં લેવાયેલ સ્પેશિયલ ટેટની ભરતીમાં પણ ડિગ્રીના ગુણને ધ્યાને લીધા વગર માત્ર લેખિત પરીક્ષાના ગુણને જ ધ્યાનમાં લેવાયા છે. જેથી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષણ સહાયક ની ભરતી માટે ટાટની મુખ્ય પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે જ ભરતી કરવામાં આવે તેવી માગણી કરાઈ હતી.

શિક્ષકોની ભરત કરવા માટે લાંબા સમયથી માંગ ચાલી રહી છે ત્યારે તાજેતરમાં વિવિધ બેઠકો દરમ્યાન ખાલી જગ્યા ભરવા સહિત શિક્ષકોની કાયમી ભરતી માટેની માંગ કરાઈ છે. અને ખાસ જુની પ્રક્રિયાથી ભરતી કરવામાં આવે તેવી ગાંધીનગરમાં રજુઆત કરવામાં આવી છે.

# અંજાર જવેલરના કુટુંબને સોનાચાંદી સંગઠનના હોદેદારોએ રૂબરૂ દિલસોજી પાઠવી

ભુજ તા.૧૮

અંજારમાં જવેલર મનીષ હરીલાલ સોનીએ દાગીના બનાવા આપેલ સોનું તથા રોકડા રૂપિયા લઈને નાશી જનાર કારીગરની પોલીસ ફરિયાદ કર્યા પછી કોઈ ભાળ મળી નહિ, વધારામાં ભાગી જનાર કારીગરની પત્ની મનીષની દુકાને આવી ગુમાવેલું સોનું વગેરે મળશે નહી તેવું કહેતી રહેતી હોવાથી આવી પડેલી આફતમાં પોતાનું મકાન પણ વેચવું પડેલ, અનેક પ્રકારની તકલીફો આવી પડતાં આપધાત કરવા મજબુર બનેલ. આ બનાવથી કુટુંબીજનો ઉપર આવી પાડેલ આફતમાં રૂબરૂ દિલસોજી વ્યક્ત કરવા કચ્છ જીલ્લા સોના ચાંદી મહામંડળના પ્રમુખ હીરાલાલ સોની, મહામંત્રી પ્રકાશ પાટડિયા, એડવાઈઝર દિનેશ પારેખ, જયકુમાર છત્રાળા,નરેન્દ્ર બારમેડાએ સ્વ.ના નાના ભાઈ અમિત પાસેથી આપવીતી સાંભળતા રુવાડા ખાડા થઇ ગયા હતા. આપધાત કરનારના મોટા પુત્ર જેનીલ (ઉ.વ.૨૧) ઉપર કુટુંબની જવાબદારી આવી પડી છે, ગયલો માલ પાછો મળશે તેવી આશાએ દિવસો પસાર કરે છે, તેનો નાનોભાઈ ધૈર્ય અગિયારમાં ધોરણમાં અભ્યાસ કરે છે તેની માતા દક્ષાબેન પોતાના બાળકોને આશ્વાસન આપી હીંમતધરી દિવસો પસાર કરે છે.

આ માલ લઈને કારીગર ભાગી જતાં તેની પોલીસ ફરિયાદ કર્યા પછી મહિનાઓ વીતવા છતાં કોઈ પકડાયું નહિ અને તાજેતરમાં અંજારમાં ૪૦ લાખની



આપધાત પહેલાં પોલીસની વિલંબિત કાર્યવાહીનો સુર

લૂંટના લુંટારાઓને પોલીસે તરત પકડીને રકમ પાછી મેળવી તેની અસર આપધાત કરનાર મનીષ ઉપર ખુબ પડી, વધારામાં માલ લઈને ભાગી જનારના સબંધી તેની દુકાને આવીને કહી જાતા કે માલ પાછો મળશે નહી, માલની આશા છોડી દેજો આવી અનેક બાબતોની માનસિક અસર થઈ તથા લોન વગેરેના લેણાં ભરવા પોતાનું એક મકાન પણ વેચવું પડ્યું હતું. સંસ્થાના પ્રમુખ હીરાલાલ સોનીની યાદીમાં જણાવ્યા પ્રમાણે તેના આપધાત પછી જ પોલીસે માલ લઈને નાશી જનાર કારીગરની પત્ની જે અંજારમાં જ રહેતી હતી તેની ધરપકડ કરીને, કેટલાક સુરાગ મેળવીને અંતે આરોપીને પકડી પાડેલ છે, ત્યારે મુદામાલ રીકવર કરવાની આશા બંધાણી છે. માલ સત્વરે મળે તે માટે ઉચકક્ષાએ તપાસ થવા કચ્છ જીલ્લા સોના ચાંદી મહામંડળે અનુરોધ કર્યો હતો.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

# આજે મિત્રો સાથે શબ્દ વહેંચો દિવસ

# સાચા મિત્ર એક ફાયર બ્રિગેડ ની જેમ હોય છે

**જાણ્યું અજાણ્યું** — ડો.મિહિર એમ.વોરા



ઝયાન્ગા નામ ની સંસ્થા એ તેની લોકપ્રિય શબ્દ રમતની વર્ષગાંઠની ઉજવણી કરવા અને સ્માર્ટ વર્ડપ્લે અને બૌદ્ધિક સ્પર્ધા માટે જુસ્સો ધરાવતા ખેલાડીઓની ઉજવણી કરવા માટે ૨૦૨૧ માં નેશનલ વર્ડ્સ વિથ ફ્રેન્ડ્સ ડેની સ્થાપના કરી હતી.એક વર્ષમાં પચાસ મિત્ર બનાવવા સામાન્ય વાત છે. પરંતુ ૫૦ વર્ષ સુધી એક જ મિત્ર સાથે મિત્રતા નિભાવવી ખાસ વાત છે. બાળપણથી વૃદ્ધાવસ્થા સુધી વ્યક્તિના જીવનમાં અનેક પ્રકારના સંબંધ આવે છે અને બદલાય પણ છે.પરંતુ જે સંબંધ ક્યારેય બદલાતો નથી તે મિત્રતાનો સંબંધ છે.



ભગવાનની વાર્તાઓથી માણસોના કિસ્સાઓ સુધી મિત્રતાની વાત દરેક જગ્યાએ છે. બધાએ મિત્રતાને માણસના જીવનનો સૌથી ખાસ સંબંધ માન્યો છે. આ એક એવો સંબંધ છે, જે વ્યક્તિ પોતાના મનથી નક્કી કરે છે અને નિભાવે છે. મિત્રતા એક સારો અહેસાસ છે.આપણા જીવનમાં એક ખાસ મિત્ર હોય જ છે.જેને તમે તમારા મનની વાત તેને કરી શકો છો. કારણ કે તમારા જીવનમાં ઘણી બધી એવી વાતો હોય છે કે જે તમે તમારા પરિવાર સાથે શેર કરી શકતા નથી. આ ખાસ મિત્ર તમારી વાતને તોલ્યા વગર સાંભળે છે.એટલા માટે જ મિત્રતાની ઉજવણી કરવા માટે કોઈ ખાસ દિવસની જરુર નથી. દોસ્તી આ કોઈ ઉમ્ર, લિંગ અને માણસના પદ પર સીમિત નહી હોય છે એટલે કે મિત્રતા કોઈ પણ ઉમર, વર્ગ કે પુરૂષની પુરૂષથી, મહિલાની મહિલાથી કે કોઈ માણસ કે જાનવર વચ્ચે પણ થઈ શકે છે. યાદ કરો ફિલ્મ હાથી મેરે સાથી માં કેવી રીતે હાથી સાચો સાથે હોય છે. સારા મિત્રો એક બીજાની સંવેદનાઓ અને ભાવનાઓને વહેંચે છે. જે સ્વસ્થ હોવા અને માનસિક સંતુષ્ટિની લાગણી કરાવે છે. એક મિત્ર કે દોસ્તીમાં શામેલ બે માણસોનો સ્વભાવમાં કેટલીક એકરૂપતા હોવા સિવાય તેની જુદી જુદી વિશેષતાઓ પણ હોય છે. પણ વગર એક બીજાને બદલી તેમણે એક બીજાની જરૂર હોય છે.આપણા જીવનમાં એક સાચો મિત્ર મળતા માણસ ખૂબ ભાગ્યશાળી કહેવાય છે. સાચી મિત્રતા જીવનમાં ઘણા યાદગાર મીઠા અને ખુશનુમા અનુભવ આપે છે. કોઈના જીવનમાં મિત્રતા સૌથી બહૂમૂલ્ય સંપત્તિ છે.જેને કોઈ ક્યારે પણ ગુમાવવા નહી ઈચ્છતા. દોસ્તી પ્રેમનો એક સમર્પિત અનુભવ છે જેને આપણા જીવન વિશે બધુ ખબર હોય છે. સાચો મિત્ર અમારા ઝૂઠા વખાણ કરી કે ઝૂઠા આરોપો નહી મૂકતા પણ મિત્રને સફળ બનાવવા માટે દરેક પ્રયાસ કરે છે. સાચા મિત્ર એક બીજા માટે લોભી નહી બનતા, તે એક બીજાના જીવનમાં કઈક સારું જ મળે છે એ જ ઈચ્છે છે.જે લોકો સાચી દોસ્તી કરે છે એ વગર કોઈ પ્રકારના લાલચએ બીજા મિત્રની દરેક વાત પર ધ્યાન રાખે છે. સંભાળ અને વિશ્વાસથી દિવસો દિવસ મિત્રતા મજબૂત થવા લાગે છે.સાચા મિત્ર તમારા સારા સમયથી વધારે મુશ્કેલ સમયમાં તમારી સાથે ઉભો રહે છે. તેથી આપણે અમારું સારું મિત્ર ચૂંટવામાં સાવધાન રહેવું જોઈએ કારણકે અમે કોઈથી પણ દગો મળી શકે છે. જીવનમાં એક સારું મિત્ર મળવું ખૂબજ મુશ્કેલ કાર્ય છે. જેને સાચું મિત્ર મળ્યું સમજો કે પ્રભુની કૃપા મળી.

કેટલાક લોકો સફળતાપૂર્વજ તેમના બાળપણની મિત્રતાને આખા જીવન લઈને ચાલે છે. જ્યારે કેટલાક કઈક ગેરસમજ કે સમયની કમી કે બીજા કારણોથી વચ્ચે જ સમાપ્ત કરી નાખે છે. ઘણી વાર મિત્રતા પોતાના અહં કે આત્મસમ્માનના કારણે તૂટી જાય છે. સાચી મિત્રતામાં યોગ્ય સમજ, સંતુષ્ટિ મદદસ કરવાની ભાવના અને વિશ્વાઅ હોવું જોઈએ. સાચા મિત્ર ક્યારે શોષણ નહી કરતા પણ જીવનમાં યોગ્ય કાર્ય કરવા માટે પ્રોત્સાહિત કરે છે. ઘણી વાર ઝૂઠા દગાબાજ મિત્રોના કારણે દોસ્તીનો અર્થ પૂરી રીત બદલી જાય છે જે હમેશા કોઈ બીજાના ખોટા રીતે ઉપયોગ કરે છે. કેટલાક લોકો તરત મિત્ર બનાવા ઈચ્છે છે અને સ્વાર્થની પૂર્તિ થતા દોસ્તી ખત્મ કરી નાખે છે. જેની પાસે સાચા મિત્ર છે સાચે એ ખૂબજ ભાગ્યશાળી છે. તેમાં કોઈ શક નથી કે સાચો મિત્ર અમારા જીવનના ખરાબ દિવસોમાં મદદ કરે છે. મિત્ર ખતરોથી બચાવે છે સાથે જ સમયથી સલાહ આપે છે સાચા મિત્ર અમારા જીવનની સંપતિ સમાન છે- સાચા મિત્ર એક ફાયર બ્રિગેડ ની જેમ હોય છે.

# ચાંદીપુરાના કહેર સામે હવે સરકાર જાગી : ગુજરાતમાં સર્વગ્રાહી તપાસ

## મુખ્યમંત્રી એ રાજ્યમાં ચાંદીપુરા વાયરસની સ્થિતિ અને રોગચાળા નિયંત્રણ અંગેના પગલાંઓની સમીક્ષા કરી હતી

ગાંધીનગર, તા.૧૮

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યમાં ચાંદીપુરા વાયરસની સ્થિતિ અને રોગચાળા નિયંત્રણ અંગેના પગલાંઓની સમીક્ષા કરી હતી. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં આયોજિત આ બેઠકમાં મુખ્યમંત્રી એ રાજ્યના મ્યુનિસિપલ કમિશ્નરઓ, જિલ્લા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓ તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીઓ સાથે વિડિયો કોન્ફરન્સ કરીને તેમના જિલ્લાની કામગીરીની વિગતો મેળવી હતી.

રાજ્યમાં ચાંદીપુરા વાયરસની સ્થિતિને લઈને મુખ્યમંત્રી નિવાસ સ્થાને મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં મુખ્યમંત્રી, આરોગ્યમંત્રી અને આરોગ્ય વિભાગના અધિકારીઓ અને ડોક્ટરો જોડાયા હતા. રાજ્યમાં ચાંદીપુરા વાયરસની સ્થિતિ અંગે આ બેઠકમાં સમીક્ષા થઈ હતી. રાજ્યના તમામ જિલ્લા,મહાનગરના આરોગ્ય અધિકારીને વીડિયો કોન્ફરસન્સથી જોડવામાં આવ્યા હતા. રાજ્યની મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલ તંત્રના ડોક્ટરોને પણ વીસીથી કનેક્ટ કરાયા હતા. ચાંદીપુરા વાયરસની વર્તમાન સ્થિતિ અને તેના અટકાયતી પગલાઓ અંગે ચર્ચા કરાઈ અને મહત્વના નિર્ણયો લેવાયા.



મુખ્યમંત્રીએ જિલ્લાઓ માં રોગ અટકાયત માટે મેલેથીયન પાવડર દ્વારા ડસ્ટિંગ માટેની ડ્રાઈવ હાથ ધરવા તેમજ કોઈ પણ તાવના કિસ્સામાં તાત્કાલિક સઘન સારવાર અપાય તે બાબત સુનિશ્ચિત કરવા બેઠકમાં માર્ગદર્શન આપ્યું હતું. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આ રોગચાળા સામે રક્ષણ આપતા ઉપાયો આશા વર્કર બહેનો આંગણવાડી કાર્યકર બહેનો નર્સ બહેનો જેવા પાયાના કર્મીઓ દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં હાથ ધરવા પણ સૂચન કર્યું હતું.

તો બીજી તરફ, રાજ્યમાં ચાંદીપુરા વાઈરસની સ્થિતીની લઈને સરકાર એલર્ટ મોડ પર આવી ગઈ છે. ગ્રામ્ય વિસ્તારો બાદ ગાંધીનગક-અમદાવાદમાં પણ શંકાસ્પદ કેસ નોંધાયા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશની હેલ્થ વિભાગની પોતાની હોસ્પિટલોને તાકીદ કરી છે. એલજી, શારદાબેન અને વીએસ હોસ્પિટલોને ખાસ તાકીદ કરાઈ છે. ચાંદીપુરા વાયરસના લક્ષણો ધરાવતા દર્દી આવે તો તુરંત ઉચ્ચ કક્ષા એ જાણ કરવા જણાવાયું છે. ચાંદીપુરા શંકાસ્પદ કેસની એએમસી દ્વારા સીધી રાજ્ય સરકારમાં જાણ કરાશે. હાલ મ્યુનિસિપિલ કોર્પોરેશન ચોપડે શહેરમાંથી એકપણ શંકાસ્પદ કેસ નથી. પરંતુ અમદાવાદ શહેરના બે શંકાસ્પદ કેસ અસારવા સિવિલ હોસ્પી ટલમાં રિપોર્ટ થયા છે. હાલ શંકાસ્પદ કેસના સેમ્પલ લેબોરેટરી ટેસ્ટીંગ માટે પુણે મોકલાયા છે.

રાજકોટમાં ચાંદીપુરા વાયરસને લઈને મોટા સમાચાર આવ્યા છે. રાજકોટસિવીલહોસ્પિટલમાંચાંદીપુરા વાયરસના પાંચ શંકાસ્પદ કેસ સામે આવ્યા છે. પાંચેય કેસમાં દર્દીઓના મોત થયા છે. આરોગ્ય વિભાગ દ્વારા લક્ષણોને આધારે નમૂના લેબોલેટરીમાં મોકલવામાં આવ્યા છે. મોરબીના બે દર્દી અને પડધરી હડમતિયા, જેતપૂર, પરપ્રાંતિય દર્દીનું મોત નિપજ્યું છે. તેથી આરોગ્ય વિભાગે કાર્યવાહી શરૂ કરી છે. આ વિશે સિવિલ હોસ્પિટલ ના RMC ડો. હર્ષદ દૂસરાએ જણાવ્યું કે, જનાના હોસ્પિટલમાં ૭ ICU બેડનો વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. કુલ ૫ મોત થયા છે અને ચાંદીપુરા વાયરસના લક્ષણો વાળા દર્દીઓ માટે આરક્ષિત રૂમ તૈયાર કર્યો છે. તાવ, ઉધરસ, ઝાલા-ઉલટી સહિતના લક્ષણો જણાય તો તાત્કાલિક સારવાર આપવામાં આવશે.

જામનગરની ગુરુ ગોબિંદસિંહ સરકારી હોસ્પિટલ ખાતે ચાંદીપુરા વાઈરસને લઈને સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

તાજેતરમાં રાજ્યમાં ચાંદીપુરા વાઈરસના શંકાસ્પદ કેસો મળી આવ્યા છે ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા આ રોગને નિયત્રંણ માં લેવા માટે તમામ પ્રકારના પગલાં લેવામાં આવ્યા છે અને સતત કામગીરી કરવામાં આવી રહી છે. જામનગર જિલ્લામાં ચાંદીપુરા વાઈરસના શંકાસ્પદ ૨ કેસો મળી આવ્યા છે અને હાલમાં આ બંને બાળકોની સારવાર ચાલી રહી છે અને તેમનું સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. કૃષિમંત્રીએ ઉપસ્થિત સર્વેને જરુરી માર્ગદર્શન આપ્યા હતું અને વર્તમાન પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.







CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE

# આધાર પુરાવા વગરના ઓઈલના જથ્થા સાથે આરોપી ઝડપાયો

ભુજ તા.૧૮

મિલ્કત સબંધી ગુના અટકાવવા લાકડીયા પોલીસ ઈન્સ્પેક્ટર જે.એમ. જાડેજા અને પોલીસ સ્ટાફના માણસો નાઈટ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ખાનગી રાહે તેમને મળેલી બાતમી આધારે લાકડીયા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં સામખીયાળી-મોરબી નેશનલ હાઈવે પર હક સ્ટીલ કંપની નજીક વોચમાં હતા, ત્યારે બાતમી મુજબનું અશોક લેલન કંપનીનું વાહન સામખીયાળી તરફથી આવતા તેને રોડની સાઈડમાં ઉભું રખાવી ચેક કરતા તેમાં પાછળના ભાગે ઠાઠામાં બેરલોમાં પીળા ક્લરનું ઓઈલ ભરેલ મળી આવેલ તેના આધાર-પુરાવા બાબતે વાહન ચાલક ઓમપ્રકાશ હરચંદરામ બિશ્નોઈ (રહે.લાછીવાડ, સાંચોર રાજસ્થાન) વાળાને પુછતા કોઈ બીલ કે આધાર-પુરાવા નહી હોવાનું જણાવતા પ્રાથમિક રીતે સદર ઓઈલ ચોરી કે છળકપટથી મેળવેલ હોવાનુ જણાતા ગાડીમાં ભરેલ બેરલ ૨૨૦ લીટરની ક્ષમતાવાળા કુલ-૧૩ બેરલ આશરે ૧૮૬૦ લીટર



ઓઈલ જેની કિંમત રૂ.૯૩,૦૦૦ ગણી બી.એન.એસ.એસની કલમ-૧૦૬ મુજબ તપાસ અર્થે ગુનામાં વપરાયેલ વાહન કિંમત રૂ-૩,૦૦,૦૦૦ કબ્જે કરી વાહન ચાલકને અટકાયતમાં લઈ તેની પાસેથી મળી આવેલ મુદામાલ કોની પાસેથી અને કઈ રીતે મેળવેલ છે તે અંગે આગળની વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે. આ કામગીરી પોલીસ ઈન્સ્પે.જે.એમ.જાડેજા, હેડ કોન્સ. રવિન્દ્રસિંહ ઝાલા, કોન્સ. શૈલેષ જેઠવા અને વરજાંગ રાજપુત દ્વારા કરવામાં આવેલ હતી.

# પોકસોના કેસમાં આરોપીને અંતિમ શ્વાસ સુધી કેદ અને ૫ લાખનો દંડ

ભુજ તા.૧૮

ગત તા.૦૩/૦૪ ના તાલુકાના પદ્ધર પોલીસ મથકે દાખલ થયેલ ફરિયાદ અનુસંધાને આ કેસ ભુજના નામદાર સ્પે.(પોકસો) જજ વી.એ.બુધ્ધ સાહેબની કોર્ટ સમક્ષ ચાલી જતા આરોપી ભાવેશ બાબુભાઈ ખાંટ રહે.મૂળ ગામ: કરણપુર,જિ.અરવલ્લીને અંતિમ શ્વાસસુધીની કેદ અને રૂ. લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. બનાવની વિગત એવી છે કે, ફરીયાદીની સગીર વયની ઉંમર વર્ષ ૧૩ ભોગ બનનાર પુત્રી ને આરોપી ભાવેશ બાબુલાલ ખાંટ ફરીયાદીના વતન બાજુનો હોઈ ફરીયાદીના ઘરે તેની પત્નિ સાથે આવેલ અને પોતાને અહીં કામ મળેલ છે અને મકાન મળેલ નથી ત્યાં સુધી થોડા દિવસ આરોપી તેની પત્નિ સાથે રોકાયેલ અને આરોપીની પત્નિ વતન જતી રહેલી ત્યારે આરોપી એકલો ફરીયાદીના ઘરે રોકાયેલ અને બનાવના દિવસે ફરીયાદી કામ પરથી ઘરે પરત આવતા તેની ભોગ બનનાર દિકરી ઘરે હાજર ન હતી અને ફરીયાદીએ આરોપીની તપાસ કરાવતા આરોપી પણ મળી ન આવેલ, આરોપીએ ફરીયાદીની દિકરીને લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરી શરીર સંબંધ બાંધી ગુનો કરેલ,જે અનુસંધાને પધ્ધર પોલીસ સ્ટેશન આઈ.પી. સી. કલમ ૩૬૩,૩૬૬,૩૭૬ તથા પોકસો એકટની કલમ તથા ૩(એ), ૪ વિગેરે મુજબનો ગુન્હો દાખલ કરી તપાસના પુરતા પુરાવા મળી આવતા નામદાર કોર્ટ માં ચાર્જસીટ કરેલ. આ કેસમાં પ્રોસીકયુશન તરફે ૧૭ દસ્તાવેજી પુરાવાઓ તથા ૯ સાક્ષીઓને તપાસવામાં આવેલ, આઈ.પી. સી.કલમ ૩૬૩ માં આરોપીને ૩ વર્ષની સજા અને ૧૦,૦૦૦ દંડ, આઈ.પી.સી.કલમ ૩૬૬ માં ૧૦વર્ષ ની સજા અને એક લાખનો દંડ, અને આઈ.પી.સી. કલમ ૩૭૬ ના ગુન્હામાં તકસીરવાર ઠરાવી અંતિમ શ્વાસ સુધી કેદની સજા અને રૂ.૨ લાખનો દંડ ફટકાર્યો હતો.

ઉપરોકત હુકમ મુજબ કુલ રૂ.૫ લાખના દંડમાંથી રૂ. ૪ લાખ રકમ ભોગબનનારને વળતર પેટે ચુકવાનો હુકમ કરેલ છે. આ કામે પ્રોસિકયુશન તરફે પોકસો એકટના ખાસ સરકારી વકીલ એચ.બી.જાડેજાએ હાજર રહી સાક્ષી તપાસેલ અને દલીલ કરેલ.

# કાનમેરમાં ગેરકાયદેસર પ્રેક્ટિસ કરતા 'મુન્નાભાઈ' ઝડપાયા

ગાગોદર તા.૧૮

જિલ્લામાં લોકોના હેલ્થ સાથે ચેડા કરી ગેરકાયદેસરની પ્રેક્ટીસ કરતા બોગસ ડોક્ટરોને પકડી પાડવા પોલીસ વડાઓની સુચના મુજબ ગાગોદર પોલીસ સ્ટાફના માણસો સાથે ગાગોદર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે, કાનમેર ગામમાં મુખ્યચોક થી બજારમાં જતા રસ્તા પર આવેલ ભાડાની દુકાનમાં સાબાજી પોપટ જી ઠાકોર (રહે.કાનમેર,મુળ ખોડા જી.બનાસકાઠા) બોગસ ડોક્ટર છે, અને દવાખાનું ચલાવે છે તેવી બાતમી મળતા પંચો સાથે બાતમી વાળી જગ્યાએ જઈ તપાસ કરતાં ડૉક્ટરની પ્રેક્ટીસ કરતા સાબાજી ઠાકોર કોઈ પણ સક્ષમ સંસ્થા ગુજરાત મેડીકલ કાઉન્સીલનું રજીસ્ટ્રેશન અંગેના પ્રમાણપત્રો મેળવ્યા વગર



પ્રેક્ટીસ કરી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા જણાયેલ અને તેમના કબ્જામાંથી ગેરકાયદેસર રીતે મેડીકલ પ્રેકટીસથી મેળવેલ એલોપેથીક દવાઓ તથા મેડીકલ સાધનો મળી આવતા આરોપી વિરુધ્ધ ધી મેડીકલ પ્રેક્ટીસ એક્ટ ૧૯૬૩ મુજબનો ગુનો દાખલ કરી ધોરણસર કાર્યવાહી કરવામાં આવી હતી. આ કામગીરી પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી.જે.પ્રજાપતિ તથા ગાગોદર પોલીસ સ્ટાફના દ્વારા કરવામાં આવી હતી.

# ભચાઉ પ્રાંત અધિકારીએ સરહદી વિસ્તારના પ્રશ્નો હલ કરવા બેઠક યોજી

રાપર તા.૧૮

જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ રાપર ભચાઉ તાલુકામાં આવેલ આંતર રાષ્ટ્રીય સરહદી વિસ્તારના વિવિધ પ્રશ્નનો અંગે સબંધિત અધિકારીઓ સાથે ભચાઉ પ્રાંત અધિકારી બાલમુકુંદ સુર્યવંશીએ બેઠક યોજી હતી. આ બેઠકમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર તૈનાત બોર્ડર સિક્યોરિટી ફોર્સ માટે પીવાના પાણીની સમસ્યા, બોર્ડર ચોકી પર વિજ પુરવઠો પૂરો પાડવા ધોરાવીરા ખાતે લાંબા સમયથી તૈયાર થયેલા ૬૬ કે.વી.સબ સ્ટેશન શરૂ કરવા, બીએસએફ અને પોલીસ તથા આઈબી અને અન્ય એજન્સીઓ વચ્ચે તાલમેલ સાધી કડક પેટ્રોલીંગ હાથ ધરવા, બીએસએફ ની જમીન માંગણીનો પ્રશ્ન તેમજ બીઆરડીપીના રોડ રસ્તાની કામગીરી શરૂ કરવા તથા ખડીર બાલાસર સરહદી વિસ્તારના પોલીસ સ્ટેશનમા સ્ટાફ વધારવા તથા નવા પોલીસ સ્ટેશનના મકાનો અને આવાસો બનાવવા સંદર્ભે બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી અને લાગતા વળગતા અધિકારીઓને પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ લાવવા આદેશ આપ્યો હતો, ઉપરાંત પ્રાંત અધિકારીએ ખડીર ગઢડા પોલીસ મથક ની મુલાકાત લઈ કાયદો અને વ્યવસ્થા અંગે જરૂરી સુચનો કર્યા હતા.

આજે મળેલી બેઠકમાં રાપર સર્કલ પોલીસ ઓફિસર એમ.એન.દવે ભચાઉ મામલતદાર એમ.કે રાજપૂત રાપર મામલતદાર શિવાભાઈ રાજપૂત ખડીર પીએસઆઇ પટેલ બાલાસર પીએસઆઇ ચૌધરી તથા બીએસએફના કમાન્ડન્ટ કક્ષાના અધિકારીઓ અને બોર્ડર સિક્યોરિટી ફોર્સના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

# ગાજ્યા મેઘ વરસ્યા નહી કચ્છમાં છુટછવાયો વરસાદ





ભુજ, તા.૧૮

થોડા દિવસોથી કચ્છમા વરસાદ સંતાકુકડી રમી રહ્યો છે ભારે ગરમી વચ્ચે કચ્છના લોકો વરસાદની રાહ જોઇ રહ્યા છે પરંતુ વરસાદ જોઈએ તેવો પડતો નથી તેવામાં ગુરૂવારે કચ્છમાં છુટોછવાયો વરસાદ પડ્યો હતો. લખપત, અબડાસા, ભુજ, નખત્રાણા સહિતના વિસ્તારમાં વરસાદ પડ્યો હતો પરંતુ જોઈએ તેવો વરસાદ ન પડતા હજુ પણ અસહ્ય ગરમીનો અનુભવ લોકો કરી રહ્યા છે. ગુરૂવારે બપોરથી સમગ્ર કચ્છમાં અસહ્ય ગરમી વચ્ચે ભારે ગાજવીજ થઇ હતી પરંતુ વરસાદ પડ્યો ન હતો અને છુટાછવાયા વરસાદને કારણે રસ્તા ભીના થયા હતા લખપત તાલુકામાં હજુ સુધી મેઘરાજા મન મુકીને વરસ્યા નથી તેમ છતાં કેટલાક દિવસોથી પડી રહેલ ઝાપટાઓ રૂપી એકાદ ઈંચ વરસાદના કારણે પશુપાલકો અને માલધારીઓ ખુશખશાલ છે. વાવણી લાયક પહેલા વરસાદને લઈ ખેડૂતોએ વાવણી કાર્ય શરૂ કરી દીધું છે, ધોધમાર વરસાદના અભાવે ડેમો કે તળાવોમાં પાણી આવ્યા નથી.આજે દયાપરમાં અડધો ઈંચ વરસાદ પડી જતાં રસ્તાઓ ઉપર પાણી વહી નિકળ્યા હતા, તાલુકાના દોલતપર, નરા, સિયોત, પીપર, નવાનગર, બાલાપર, કોટડ-ામઢ, આશાપર વગેરે મોટા ભાગના ગામોમાં અડધાથી એક ઈંચ વરસાદ પડતાં લોકોમાંખુશી જોવા મળી હતી, બપોર સુધીમાં મોસમનો કુલ વરસાદ ૯૪ મી.મી. જેટલો કન્ટ્રોલરૂમમાં નોંધાયો હતો.તો બીજી તરફ અબડાસાના અનેક ગામ તથા મુખ્ય મથકમાં વરસાદને કારણે લોકોએ રાહત અનુભવી હતી. પરંતુ જોઈએ તેટલો વરસાદ પડ્યો ન હતો.

## અનેક જગ્યાએ ભારે વિજળી



કચ્છના પ્રસિધ્ધ તિર્થસ્થાન માતાનામઢ સહિત કચ્છના અનેક સ્થળોએ વિજળી પડવાની ઘટના બની હતી સદ્દનશીબે કોઈ જાનહાની થઇ ન હતી પરંતુ ભુજના ભીડનાકા,સંસ્કાર સ્કુલ તથા માતાનામઢ મંદિર સહિત નેત્રાના લક્ષ્મીપર મંદિરે વિજળી પડી હતી શીખર પર વિજળી પડી હતી પંરતુ કોઇ જાનહાની થઇ ન હતી આ ઉપરાંત ભુજના અનેક વિસ્તારમાં ભારે બાજવીજ બાદ વિજળીના દ્રશ્યો સર્જાયા હતા પરંતુ કોઇ જાનહાની થઇ ન હતી. નખત્રાણા લખપત,અબડાસા,ભુજના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદને પગલે પાણી વહી નિકળ્યા હતા.

# અદાણી હોસ્પિટલના જુનિયર તબીબો વિરોધ બાદ સેવા પર પરત ફર્યા

ભુજ, તા.૧૮

જી.કે. જનરલ અદાણી હોસ્પિટલમાં બે દિવસ પહેલા સર્જાયેલી ઘટનાને પગલે ઊભી થયેલી પરિસ્થિતિને થાળે પાડવા હોસ્પિટલના સત્તાવાળાઓને સફળતા મળી છે અને જુનિયર તબીબોએ હડતાલ પાછી ખેંચી લીધી છે તો બીજી તરફ સંબંધિત વ્યક્તિએ પોતાની ભૂલ સ્વીકારી ક્ષમા પણ માંગી લેતાં સમગ્ર બાબતનો સુખદ અંત આવી ગયો છે. ગેઈમ્સ મેનેજમેન્ટ, સમાજના આગેવાનો તેમજ જુનિયર ડોક્ટર્સના પ્રતિનિધિઓએ સાથે મળી દર્દીઓની સેવાના વિશાળ હિતમાં પરસ્પર સમાધાનનો નિર્ણય કર્યો છે અને સંબંધિત વ્યક્તિએ પણ આવી બાબતનું પુનરાવર્તન નહીં થાય તેની પણ ખાતરી આપતા સમગ્ર ઘટનાનો સુમેળભર્યો અંત આવ્યો હતો. હોસ્પિટલ ના સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, સારવાર લેતા દર્દીઓએ અગાઉથી જ સારવાર પ્રયત્નો સંતોષ વ્યક્ત કર્યો હતો અને તેમની સારવાર ચાલુ જ હતી. તેમજ તેમને કોઈ તકલીફ ન હોવાનું પણ જણાવ્યું હતું. પરંતુ, અન્ય વ્યક્તિના હસ્તક્ષેપને કારણે આ ઘટના સર્જાઈ હતી. દરમિયાન આ બનાવ પછી પણ જી.કે.માં સારવાર લેવા આવનારને



ઓપીડી વિભાગ, વોર્ડ,ઈમરજન્સી કે ઓપરેશનમાં કોઈ પણ વિક્ષેપ ઊભો થયો ન હતો અને તમામ સેવાઓ રાબેતા મુજબ કાર્યાન્વિત રહી હતી. આ સારવારમાં હોસ્પિટલના તમામ કન્સલ્ટન્ટ તબીબો અને જૂની.તબીબો સિવાયના ડોક્ટર્સ જોડાયા હતા.અને એક પણ દર્દીને તકલીફ ઉપર ઊભી થવા દીધી ન હતી. આ રીતે તબીબોએ સેવાનું ઉત્કૃષ્ટ ઉદારણ પૂરું પાડ્યું હતું. એક બાજુ સારવાર અને બીજી બાજુ હોસ્પિટલના અધિકારીઓ મારફતે સમાધાનની પ્રક્રિયા અને વાટાઘાટનો દોર અવિરત ચાલુ રાખવામાં આવતા સફળતા મળી હતી. આમ દર્દીના હિતમાં તમામ પક્ષોએ સકારાત્મક નિર્ણય લેતા અને જુનિયર તબીબો કામ ઉપર ચડી જતા દર્દીઓએ પણ રાહતનો શ્વાસ લીધો છે.